Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું ] [ અંક ૫ મો

ફાલ્ગુન

ઇ. સ. ૧૯૪૮ ૫ મી માર્ચ

વીર સં. ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૪ મું
અંક ૫ મો.

## ફાલ્ગુન

વીર સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪


## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧. | श्री पार्श्वनाथ स्तवनम् ... ... | ( સં૦ અગરચંદ નાહટા ) | ૯૧ |
| ૨. | पूज्य बापु को हृदय श्रद्धांजली ... ... | ( રાજમલ ભંડારી ) | ૯૨ |
| ૩. | સામ્ય યોગ ... ... ... | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૯૩ |
| ૪. | કાળચક્ર ... ... ... ...... | ( અમરચંદ માવજી શાહ ) | ૯૫ |
| ૫. | વિશ્વ વ્યવસ્થાપક પદાર્થો ... | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૯૬ |
| ૬. | બૃહત્‌ત્વગીમાંસા : ૨ ... | ( શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી ) | ૧૦૨ |
| ૭. | વ્યવહાર કૌશલ્ય : ૩ [ ૨૭૧–૨૭૨–૨૭૩ ] ... ... | ( મૌક્તિક ) | ૧૦૬ |
| ૮. | સાહિત્ય વાડીના કુસુમો : આર્ય રમણી : | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૦૯ |
| ૯. | સકામ ને નિષ્કામ ભક્તિ ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૧૧૩ |
| ૧૦. | જય સૌરાષ્ટ્ર ... ... | ( શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી ) | ૧૧૬ |


## નવા સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧. | શેઠ હર્ષદરાય નરોત્તમદાસ | શાંતાક્રુઝ | લાઈફ મેમ્બર |
| ૨. | શેઠ ભૂપતરાય પ્રેમચંદ | મુંબઈ | વાર્ષિકમાંથી ,, |
| ૩. | શેઠ ત્રિભુવનદાસ ભાણજી જૈન કન્યાશાળા હા: શાહ મણિલાલ ફુલચંદ | ભાવનગર | ,, |
| ૪. | શ્રી અમૃતવિજયજી જૈન પાઠશાળા હા: ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ શાહ | મોરબી | ,, |
| ૫. | શા વસનજી બાવાનજી વરધમાન | માટુંગા | ,, |


## ચૈત્રી પંચાંગ

સં. ૨૦૦૪ ના ચૈત્રથી સં. ૨૦૦૫ ના ફાગણ સુધીના ચૈત્રી પંચાંગો બહાર પડી ગયા છે. આ વખતના અંક સાથે દરેકને મોકલવામાં આવેલ છે. આ વખતે પંચાંગની નકલો મર્યાદિત કાઢી છે, તો જેમને જરૂર હોય જલ્દી મંગાવી લેવા.

**છુટક નકલ એક આનો. *** સો નકલના રૂા. સાડાપાંચ.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

નં-૪૫૩

પુસ્તક ૬૪ મું. અંક ૫ મો

: ફાલ્ગુન :

વીર સં. ૨૪૭.. વિ. સં. ૨૦..

उपा० श्री देवचंद्रजीकृत अप्रगट

## ॥ श्रीपार्श्वनाथस्तवनम् ॥

बामानंदन तुं आनंदन, चंदन शीतल भावे राज ।
पास सुणीजे दुःख निकंदन, गुणे अनिंदन जे वंदन भावे राज ।
पास सुणीजे म्हानु दास गिणीजे, अवसर आज पूरीजे राज ॥ १ ॥
तुंहि ज सामी, अन्तरजामी, मुझ मन तो विसरामी राज ।
शिवगतिगामी, तुं निकामी, बीजा देव विरामी राज ॥ २ ॥
मूरति प्यारी, मोहनगारी, प्राणथकी पण प्यारी राज ।
हुं बलिहारी, अर्जे हजारी, मुझने आस तुम्हारी राज ॥ ३ ॥
जे इकतारी, करे तारी, लीजे तेहने तारी राज ।
प्रीति विचारी, सेवक सारी, दीजे केम विसारी राज ॥ ४ ॥
विघन विडारी, स्वामी संभारी, प्रीति खरी मैं धारी राज ।
शंक निवारी, भाव वधारी, वारी तुझ चरणांरी राज ॥ ५ ॥
मिली नरनारी, बहु परिवारी, पूज रचे तुज सारी राज ।
देवचंद साहिब सुखदाई, पूरो आश हमारी राज ॥ ६ ॥

—सं० अगरचंदजी नाहटा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पूज्य बापु को हृदय श्रद्धांजली ।

अहिंसा सत्य के परम उपासक, भारत के ऐक प्यारे थे ।
सर्व विश्व के नयनों के तारे, बापु आप हमारे थे ॥ १ ॥
आत्मश्रद्धा के पूज्य बापु, भूमंडल के ध्रुव तारे थे ।
भारत की नैया के बापु, ऐक खिवैयाहारे थे ॥ २ ॥
आत्मज्योति के दिव्य प्रकाश से, मार्ग के सर्जनहारे थे ।
थे आदर्श पथ-प्रदर्शक, विश्व के एक सहारे थे ॥ ३ ॥
ईर्षाग्नि और रागद्वेष से, बापु सदा ही न्यारे थे ।
शत्रु मित्र को समदृष्टि से, पूज्य बापु देखनवारे थे ॥ ४ ॥
सब धर्मों के प्रति बापु, समदृष्टि रागनहारे थे ।
सब धर्मों की दिव्य प्रार्थना में, बापु तन्मय वारे थे ॥ ५ ॥
थे दृढ़ प्रतिज्ञ बापु, जो प्रतिज्ञा दिल में धारे थे ।
जहां तक पूर्ण न होय प्रतिज्ञा, न उससे टरनेवारे थे ॥ ६ ॥
सेवा वृत्त की अखण्ड तपस्या, पूज्य बापु सदा ही धारे थे ।
इसी तपस्या से भारत की, परतंत्रता को जारे थे ॥ ७ ॥
दक्षिण आफ्रिका की, अग्निपरीक्षा से बापु चमके थे ।
बडता गया फिर तेज बापु का, फिर विजयश्री वरते थे ॥ ८ ॥
आजादी की खातिर बापु, समयोचित नीति धारे थे ।
थे राजनीति में पूर्ण निपुण, सब दिल में निश्चय धारे थे ॥ ९ ॥
बापु की नीति से ही हम, सब आजादी वारे है ।
बापु को नतमस्तक होकर, उन पर ही बलिहारे हैं ॥ १० ॥
थे मनस्वी वह बापु, मन प्रसन्न सदा ही रहते थे ।
शोकातुर शरणार्थि का भी, मन हरण कर लेते थे ॥ ११ ॥
थे अहिंसक वह बापु, हिंसा का अस्तित्व मिटाते थे ।
अशान्त वातावरण को भी, शान्तिमयी बनाते थे ॥ १२ ॥
थे सत्य के परम गवेषक, न असत् को टीकने देते थे ।
कर सत्याग्रह उस कदाग्रह का, उन्मूलन कर देते थे ॥ १३ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

परम तपस्वी थे बापु, जय तप का पुंज फैलाते थे ।
वैरभाव का जहर मिटा कर, शान्ति शान्ति कर देते थे ॥ १४ ॥

मनुष्य जाति के परम हितैषी, बापु आप कहाते थे ।
चारों वर्ण में अभेद दृष्टि का, सुंदर पाठ पढ़ाते थे ॥ १५ ॥

समान दृष्टि से इस भारत में, भीष्मपिता कहलाये थे ।
समान दृष्टि से पूज्य बापु, तुम राष्ट्रपिता कहलाये हैं ॥ १६ ॥

भारत के इतिहास में बापु, जो महापुरुष कहाये हैं ।
वह मरे नहीं अपनी मृत्यु से, अमर शहीद कहाये हैं ॥ १७ ॥

लाखों अमर शहीद के बापु, नेता आप कहाये हैं ।
उस ही पथ से आप भी जाकर, सच्चे सरताज कहाये हैं ॥ १८ ॥

ओ भारत-भू-भाग्यविधाता, युग युग में अमर कहायेंगे ।
भारत को आजादी बापु, तुम गुण का इतिहास रचायेंगे ॥ १९ ॥

ओ पूज्य बापु ! हृदय-सम्राट बापु, जीवन यशस्वी बनाये हैं ।
आज हृदय से हृदय-सम्राट को, श्रद्धांजलि चढ़ाये हैं ॥ २० ॥

राजमल भंडारी–आगर ( मालवा )

---

## સામ્ય યોગ

અનુષ્ટુપ.

જ્ઞાન ને કર્મ યોગથી, બહુ જીવો તરી જતા;
સામ્ય યોગ વિના ન તે, કારણુ સાધ્ય ભાવનું. ૧

યજ્ઞ વેદો અને શાસ્ત્રો, સંયમ તીર્થ ને તપ;
બધાં ભેગાં કરીએ તો, સમતા તુલ્ય ના કદી. ૨

કરાય કર્મ જે રીતે, ભોગવે તે જ ભાવથી;
તે પ્રતિ રાગ ને દ્વેષ, માધ્યસ્થ વૃત્તિ ના કરે. ૩

નથી રાગ સ્વશાસ્ત્રમાં, નથી દ્વેષ પરાગમે;
જ્યાં સ્વીકાર પરીક્ષાથી, થતો માધ્યસ્થ ભાવથી. ૪

પક્ષપાત ન વીરમાં, ન દ્વેષ કપિલાદિમાં;
જ્યાં યુક્તિયુક્ત વાણી છે, તે કાર્ય ગ્રાહ્ય છે સદા. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આલંબી સમભાવને, યોગીઓ ધ્યાન આદરે;
વિના સમત્વ ભાવથી, પામે આત્મા વિટમ્બના. ૬

ન ધ્યાન સમતા વિના, વિના ધ્યાને ન સ્થિરતા;
તેથી બંને પરસ્પર, કારણ એક એકનું. ૭

વિશુદ્ધ મનથી સદા, રંગાય ભાવના બળે;
નિર્મમત્વી બની શૂરા, સમત્વ ગુણ પામતા. ૮

સુખી જોતાં થતો શોક, જોવાથી હર્ષ દુઃખીને;
આ હર્ષ શોક શત્રુમાં, સ્વાત્માને ન જ જોડવો. ૯

હણાય જ્યાં નહિં કર્મો, કરોડો જન્મના તપે;
હણે તે ક્ષણ માત્રમાં, સ્વાલંબી સમત્વના. ૧૦

સંસાર મૃગતૃષ્ણામાં, ચિત્ત ! કેમ વૃથા રમે ?
બ્રહ્મ સુધા સરોવરે, સ્નાન શાને નહીં કરે ? ૧૧

ન શુદ્ધિ માઘના સ્નાને, ન ગયા પિંડ અર્પતા;
તીર્થે ભટકતાં ન જે, ઘેર વૈરાગ્યથી થતી. ૧૨

સ્પર્ધા કરે સ્વયંભૂની, સમતા રસ વૃદ્ધિથી;
આ ગુણ યુક્ત સંતની, જોડી જગે મળે નહીં ૧૩

સ્રી પુત્ર મિત્ર ને શત્રુ, મણિ માટી સુવર્ણ જે;
સુખે દુઃખે પરાભવે, સાધુ સ્વરૂપ એક છે. ૧૪

વિષયોથી વિરક્ત જે, સામ્ય યોગે સદા રમે;
કષાય અગ્નિ બાળીને, બોધિ દીપ પ્રકાશતા. ૧૫

વિદ્યા તપ અને તીર્થ-યાત્રાથી મોક્ષ ના મળે;
વિનાશ્રી સામ્ય યોગના, મળે ન અન્ય સાધને. ૧૬

પરમાનંદ દેનારા, જે નાતા સમતા જળે;
તે ટાળી રાગ-દ્વેષને, અક્ષય સિદ્ધિ પામતા. ૧૭

ઉપજાતિ.

રાગાદિ દોષો જન દુઃખ જાયા, તેથી વિરામો મન વચ કાયા;
માધ્યસ્થ ભાવો સહુ જીવ પામો, સર્વત્ર સર્વે સુખમાં વિરામો. ૧૮
જાણે જ કામો જીવ સંજ્ઞી સર્વે, હશે વળી કોઇ જ ધર્મ અર્થે;
તેથી જ થોડા જિનમાર્ગ જાણે, અત્યલ્પ સામ્ય ગુણને પિછાણે. ૧૯

**—મગનલાલ મોતીચંદ શાહ**—વઢવાણ કેમ્પ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાળચક્ર

માનવ તું તો જનમ્યો જગમાં, મરણના ભયની સાથે;
કર્મ મુજબ તું લેખ લખાવી, લાવ્યો પણ છે હાથે. ૧
માનવ તારી મહત્વાકાંક્ષા, મરણ ભયે ઘેરાણી;
અહંકાર તું શાને કરતો ? આશા તુજ ઘેરાણી. ૨
માનવ તારા ભાગ્યચક્રમાં, સુખ દુઃખની લીલા;
ભોગવતા કરે હર્ષ શોક તું, મરણ વખતમાં વીલા. ૨
માનવ જેવો જન્મ લઇને, રાગ-દ્વેષે ગુમાવી;
જીવન ગાળ્યું કર્મબંધમાં, મોહ માયાએ ફસાવી. ૪
કર્મથકી તું રાજા બનતો, કર્મથી રંક ભિખારી;
કર્મથકી તું દેવ જ બનતો, કર્મ કલંક છે ભારી. ૫
માનવ તારી મૂડી મોટી, તત્ત્વ તેજુરીમાંહી;
તેની તેં દરકાર ન કીધી, જન્મ મરણ ભય ત્યાંહી. ૬
તું જન્મે છે તું જ મરે છે, એ જ માન્યતા ખોટી;
દેહતણા પરિવર્તન કરતો, તું છો જીવનજ્યોતિ. ૭
પરિભ્રમણ અજ્ઞાનથી તારું, જડ પુદ્ગલની સંગે;
ચૈતન્ય તું જો તારું નીરખે, જીતી જાઇશ જંગે. ૮
જડથી ન્યારો આતમ પ્યારો, અનંત સુખનો સ્વામી;
રાગ દ્વેષને દૂર કરે તો, તું છો આતમરામી. ૯
જન્મ મરણનાં ભય ટળે ત્યાં, કેવળ સુખની ગાદી;
ચિદાનંદની શીતળ છાયા, આત્મસ્વરૂપ અણાદી. ૧૦
દેહ મંદિરીએ દીપક પ્રગટે, જ્યોતિ જગમગ ઝળકે;
જ્ઞાન દર્શન ચારિત્ર ત્રણ, પ્રભુનાં મુગટે લટકે. ૧૧
અષ્ટ કર્મ અંધકાર નાસતો, પ્રભુ પાસે નહિ ફરકે;
કેવળજ્ઞાનનો દીપ પ્રગટતાં, પ્રભુ નિજ ગુણમાં અટકે. ૧૨
આનંદ ! આનંદ ! પ્રભુ મંદિરીએ, સકલ ત્રિલોકને દેખે;
પ્રેમ સ્વરૂપ પ્રભુની મુદ્રા, ભવિજન પ્રેમે નિરખે. ૧૩
પ્રભુ પ્રેમમાં પ્રભુસ્વરૂપ થઇ, આત્મશાંતિને અરખે;
પ્રભુ પ્રકાશે અંધકાર નાસે, 'અમર' જ્યોતિ ત્યાં હરખે. ૧૪

અમરચંદ માવજી શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વ વ્યવસ્થાપક પદાર્થો

લેખક—આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ

જૈન દર્શનમાં છ દ્રવ્ય કહ્યા છે. તેમાં એક જીવ દ્રવ્ય છે અને બાકીનાં પાંચ અજીવ છે. આ પાંચ અજીવ દ્રવ્યમાં કાળને ઉપચરિત દ્રવ્ય માન્યું છે; કારણ કે સમય—આવળી આદિ જે કાળ કહેવાય છે તે જીવ તથા અજીવ દ્રવ્યના પર્યાયો છે માટે તે દ્રવ્યનો ધર્મ હોવાથી તેનાથી કથંચિત્ અભિન્ન છે અર્થાત્ ધર્માથી ધર્મ અભિન્ન હોય છે અને તેથી કાળમાં દ્રવ્યનો ઉપચાર કર્યો છે. કાળને છોડીને બાકીના ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલ અને જીવ આ પાંચે દ્રવ્યો અસ્તિકાયના સંબંધવાળા છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય—આ પંચાસ્તિકાયના સમુદાયને લોકસંજ્ઞા આપવામાં આવી છે અને તેથી કરીને પંચાસ્તિકાયમય લોક કહેવાય છે. અર્થાત્ જેટલામાં ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય ફેલાઇને રહ્યો છે તેટલામાં જ જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય પણ રહેલાં છે અને આકાશાસ્તિકાય તો આ ચાર દ્રવ્યો છે ત્યાં તો રહેલું જ છે. તે ઉપરાંત જ્યાં આ ચાર દ્રવ્યો નથી ત્યાં પણ વ્યાપ્ત થઇને રહ્યું છે અને એટલા માટે જ આકાશ દ્રવ્ય આધાર છે અને બાકીનાં ચાર દ્રવ્યો આધેય છે. અર્થાત્ ધર્મ આદિ ચાર દ્રવ્યો આકાશના આધારે રહેલાં છે અને આકાશ લોકાલોકવ્યાપી હોવાથી આધાર—આધેયસ્વરૂપ પોતે જ છે, તેને ભિન્ન સ્વરૂપવાળા ભિન્ન દ્રવ્યની આવશ્યકતા નથી.

ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યોમાં પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય રૂપી છે અને બાકીનાં ચાર અરૂપી છે. વર્ણ—ગંધ—રસ અને સ્પર્શ જેમાં હોય તે રૂપી કહેવાય છે. આ વર્ણાદિ, પુદ્‌ગલ દ્રવ્યના ગુણ છે માટે જ પુદ્‌ગલ દ્રવ્યને રૂપી કહેવામાં આવે છે. ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોમાં વર્ણ આદિ ન હોવાથી તે અરૂપી કહેવાય છે. જીવ દ્રવ્ય તાત્વિક દૃષ્ટિથી જોતાં તો અરૂપી છે પણ અનાદિ કર્મના સંસર્ગને લઇને રૂપી પણ ગણ્યું છે. તે રૂપ ઔપચારિક કર્મસ્વરૂપ ઉપાધિજન્ય હોવાથી જીવ જ્યારે કર્મથી સર્વથા મુકાઇ જઇને અરૂપી સ્વસ્વરૂપ મેળવે છે ત્યારપછી કર્મવર્ગણાનો સંસર્ગ થવા છતાં પણ રૂપી બની શકતો જ નથી અને શાશ્વત અરૂપી સ્વરૂપમાં જ રહે છે. રૂપી પુદ્‌ગલ દ્રવ્યની સ્કંધ—દેશ—પ્રદેશ અને પરમાણુ એમ ચાર અવસ્થા માની છે અને ધર્માસ્તિકાયાદિ અરૂપી ચાર દ્રવ્યની સ્કંધ—દેશ તથા પ્રદેશ મળીને ત્રણ અવસ્થાઓ થઇ શકે છે. જેમાં દેશ તથા પ્રદેશોનો સમુદાય રહી શકે છે તેવા એક સંખ્યાવાળા દ્રવ્યને સ્કંધ કહેવામાં આવે છે; અને તે જ સ્કંધના કેવળીની બુદ્ધિથી એક ભાગના બે ભાગ થઇ શકે ત્યાંસુધીના વિભાગો દેશ કહેવાય છે. અને જે દેશના કેવળીની બુદ્ધિથી પણ બે ભાગ ન થઇ શકે તેની પ્રદેશ સંજ્ઞા છે. તે જ પ્રદેશ જ્યારે સ્કંધથી છૂટો પડી જાય છે ત્યારે તે પરમાણુના નામથી ઓળખાય છે. રૂપી પુદ્‌ગલ દ્રવ્યનો મોટામાં મોટો સ્કંધ અચિત્ત મહાસ્કંધ છે તે અનંતાનંત પુદ્‌ગલ પરમાણુનો બને છે. આનાથી મોટો રૂપી દ્રવ્યનો સ્કંધ બની શકતો નથી. આવી જ રીતે અરૂપી દ્રવ્યોમાં આકાશ દ્રવ્યનો સ્કંધ મોટામાં મોટો છે. તે બધાય અરૂપી દ્રવ્યોથી મહાન હોવાથી તેમાં



For Private And Personal Use Only

બીજા અરૂપી દ્રવ્યોના પ્રદેશો કરતાં અનંતગણા પ્રદેશો રહ્યાં છે. તે સિવાયના બીજાં અરૂપી દ્રવ્યોના સ્કંધોમાં અસંખ્યાત પ્રદેશ રહેલાં છે. રૂપી અચિત્ત મહાસ્કંધ સિવાયના બીજા રૂપી સ્કંધો સંખ્યાત–અસંખ્યાત–અનંત તથા અનંતાનંત પ્રદેશોના બનેલા છે. પુદ્દગલ પરમાણુઓના સમુદાયથી બનેલા રૂપી દ્રવ્યના સ્કંધો ખસખસની નાની મોટી ગોળીઓ અથવા તો ખસખસના બનેલા લાડવા જેવા હોય છે અને જીવ દ્રવ્ય આદિ ચાર અરૂપી દ્રવ્યના સ્કંધ અખંડ લોઢાના ગોળા જેવા હોય છે. જીવ દ્રવ્ય અનંતા હોવાથી તે અખંડ હોવા છતાં પણ જેમ આકાશ સિવાયના બીજા અરૂપી અખંડ દ્રવ્યો લોકવ્યાપી છે તેમ લોકવ્યાપી નથી, કારણ કે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો એક છે અને જીવ દ્રવ્ય અનેક છે તેમજ સંકોચ-વિકોચ અર્થાત્ સંકડા–પહોળા થવાના સ્વભાવવાળાં છે તેથી તે દેશવ્યાપી છે. ફક્ત કેવળી સમુદ્દઘાત–આત્મપ્રદેશોને પહોળા કરવાની ક્રિયાવિશેષ કરવામાં આવે છે ત્યારે જ જીવ લોકવ્યાપી હોઇ શકે છે.

પૌદ્દગલિક રૂપી સ્કંધો પરમાણુઓના સંયોગસ્વરૂપ સમૂહના બનેલા છે અને તે બે અણુઓના સંયોગથી લઇને અનંતા અણુઓના સંયોગરૂપ અનંતા છે, અને તે સંખ્યાત, અસંખ્યાત તથા અનંતપ્રદેશી તરીકે ઓળખાય છે. સ્કંધોમાં નવીન પરમાણુઓ ભળવાથી સંખ્યાતપ્રદેશી સ્કંધ, અસંખ્યાતપ્રદેશી તથા અનંતપ્રદેશી બની શકે છે તેવી રીતે જ સ્કંધમાંથી દેશ છૂટા પડવાથી અનંતપ્રદેશી સ્કંધ, અસંખ્યાત તથા સંખ્યાતપ્રદેશી બને છે. અને સ્કંધના બધાય પ્રદેશો છૂટા પડી જાય તો તે આખો ય સ્કંધ વિખરાઇ જઇને પરમાણુઓના સ્વરૂપને ધારણ કરે છે. જેમકે એક હજાર ખસખસનો બનેલો લાડવો તે સ્કંધ, તેમાં છૂટા ખસખસના દાણા અથવા તો પચાસ–પચાસ આદિ ખસખસના બનેલા નાના સ્કંધો ભળવાથી જે મોટો લાડવો થાય તે અસંખ્યાતપ્રદેશી સ્કંધ અને લાખો છૂટી ખસખસ અથવા તો સ્કંધો ભળવાથી જે અત્યંત મોટો લાડવો બને તે અનંતપ્રદેશી સ્કંધ. આ અનંત પ્રદેશી ખસખસના લાડવારૂપ સ્કંધમાંથી તેના દેશરૂપ ટુકડાઓ થઇને જ્યારે છૂટા પડે છે ત્યારે તે લાડવો નાનો થાય છે કે જેને આપણે અનંતપ્રદેશી સ્કંધ ને અસંખ્યાત પ્રદેશી સ્કંધના સ્થાનમાં ગણીએ. ત્યારપછી તેમાંથી જેમ જેમ દેશો અલગ થતા જાય છે તેમ તેમ તે લાડવો નાનો થતો જાય છે કે જેને સંખ્યાતપ્રદેશી તરીકે કલ્પના કરો અને છેવટે જ્યારે લાડવામાં વળગેલી ખસખસો સર્વથા વિખરાઇ જાય ત્યારે વિખરાયલી ખસખસ લાડવો નથી કહેવાતી પણ ખસખસ કહેવાય છે તેમ સ્કંધમાંથી વિખરાયલા પ્રદેશો સ્કંધ કહેવાતા નથી પણ પરમાણુંઓ કહેવાય છે. આ ખસખસના લાડવાનું દૃષ્ટાંત રૂપી પુદ્દગલાસ્તિકાય દ્રવ્યમાં જ ઘટી શકે છે પણ અરૂપી ધર્મ, અધર્મ, આકાશ તથા જીવ દ્રવ્યમાં ઘટી નથી શકતું, કારણ કે અરૂપી દ્રવ્યોના સ્કંધોમાં પ્રદેશોનું મળવા વિછડવાપણું હોતું નથી તેથી તે રૂપી દ્રવ્યના સ્કંધોની જેમ તારતમ્યતાવાળા હોતા નથી, અને એટલા માટે જ અરૂપી ચાર દ્રવ્યોનો સ્કંધ અખંડ છે. આ ચાર અરૂપી દ્રવ્યોમાંથી ધર્મ, અધર્મ તથા જીવ દ્રવ્યોના પ્રદેશો એક સરખા અસંખ્યાત હોવાથી તેમના સ્કંધો પણ અસંખ્યાતપ્રદેશી કહેવાય છે. અને તે સ્કંધો અખંડ હોવાથી સંખ્યાત-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશી કે અનંતપ્રદેશી બની શકતા જ નથી. અરૂપી આકાશ દ્રવ્યનો અખંડ સ્કંધ અનંતપ્રદેશી છે તે સંખ્યાત કે અસંખ્યાતપ્રદેશી બની શકે નહિં પણ અસંખ્યાતપ્રદેશી ધર્માસ્તિકાય દ્રવ્યોના સંસર્ગવાળા આકાશનો દેશ અવિભાગપણે અસંખ્યાત પ્રદેશી કહેવાય છે અને તેને લોકાકાશ તરીકે ઓળખવામાં આવે છે. લોકમાં આકાશના પ્રદેશો અરૂપી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના પ્રદેશો જેટલા જ અસંખ્યાત છે છતાં તે અનંતપ્રદેશી અખંડ આકાશનો ખંડિત થયેલો ટુકડો નથી, પણ તે અખંડ આકાશનો જ અસંખ્યાતપ્રદેશી દેશ છે.

લોઢાના ગોળા જેવા અખંડ અરૂપી દ્રવ્યોના સ્કંધોમાં રહેલા દેશ તથા પ્રદેશો રૂપી દ્રવ્યના સ્કંધના દેશ પ્રદેશોથી વિલક્ષણ છે, કારણ કે રૂપી સ્કંધના દેશ પ્રદેશો સ્વતંત્ર છે તેથી એ સ્કંધમાંથી છૂટા પડીને ભિન્ન બીજા સ્કંધોમાં ભળી શકે અથવા તો સ્વતંત્રપણે છૂટા રહીને સ્કંધ કહેવરાવી શકે તેમજ પ્રદેશો સર્વના છૂટા પડી જઇને પરમાણુ તરીકે પોતાને ઓળખાવે છે તે પાછા અનેક ભેગા મળીને સર્વથી નવો સ્કંધ પણ બનાવી શકે છે. તેમને અમુક જ રૂપી દ્રવ્યનાં સ્કંધમાં ભળવું એવો નિયમ હોતો નથી તેમજ છૂટા ન જ રહેવું એવો પણ પ્રતિબંધ હોતો નથી ત્યારે અરૂપી દ્રવ્યોના દેશ પ્રદેશો સ્કંધને આધીન સ્કંધસ્વરૂપ હોવાથી કોઇ પણ વખતે તેનાથી છૂટા પડી શકતા જ નથી તેથી તેમને દેશ તથા પ્રદેશ સંજ્ઞા ધારણ કરવાને પોતાના સ્કંધથી ભિન્ન દ્રવ્યોના સ્કંધ, દેશ, પ્રદેશ તથા પરમાણુઓની અપેક્ષા રાખવી પડે છે અર્થાત્ અરૂપી અખંડ સ્કંધમાં દેશ તથા પ્રદેશ સંજ્ઞા અન્ય વસ્તુઓના સંયોગથી કાલ્પનિક હોય છે અને તે સંજ્ઞાના અખંડ લોઢાના ગોળાસ્વરૂપ સ્કંધની સાથે સંબંધિત થઇને રહેલી સ્થૂળ, સ્થૂળતર, સ્થૂળતમ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ વસ્તુઓની જેમ અપેક્ષાથી દેશ તથા પ્રદેશ તરીકે ઓળખાય છે. જેમકે–લોઢાના ગોળા ઉપર વાલ, વટાણો, તુવર, મગ, રાઇ અને ખસખસ આવી વસ્તુઓ મૂકવામાં આવે તો જે સ્થળે આ વસ્તુઓ રહેલી હોય તે બધા અખંડ ગોળાના દેશ તથા પ્રદેશ કહેવાય છે. આ પ્રમાણે ન માનીને કેવળ સ્કંધ માત્ર માનવામાં આવે તો પછી સ્કંધ અખંડ હોવાથી ગોળા ઉપર રહેલી ભિન્ન ભિન્ન વસ્તુઓનો બોધ ન થાય પણ એક વસ્તુનો બોધ થાય; કારણ કે દેશ પ્રદેશના અભાવથી અમુક દેશમાં પણ દેશ તથા પ્રદેશ હોય છે. ફરક એટલો જ છે કે રૂપી દ્રવ્યના સ્કંધથી દેશ પ્રદેશ છૂટા પડી જાય છે તેમ અરૂપી સ્કંધથી તે છૂટા પડી શકતા નથી અને તેથી અરૂપી દ્રવ્યના પરમાણુ હોતા નથી માટે જે પરમાણું છે તે રૂપી સ્કંધનો પ્રદેશ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય–આ પાંચે અસ્તિકાયના પ્રદેશો ભિન્ન ભિન્ન ધર્મવાળા છે અને તે ગતિ, સ્થિતિ, અવગાહ, પૂરણ, ગલન તથા ઉપયોગસ્વરૂપ છે. આકાશ દ્રવ્ય અપરિમિત હોવા છતાં પણ આધેયસ્વરૂપ ચાર દ્રવ્યોને લઇને પરિમિત પણ છે અને તે અસંખ્યપ્રદેશી ધર્માસ્તિકાયાદિના સ્કંધની અપેક્ષાથી અસંખ્યપ્રદેશી સ્કંધસ્વરૂપ છે. જો કે આકાશ પરિમિત તથા અપરિમિત અર્થાત્ લોકાકાશ તથા અલોકાકાશના નામથી ઓળખાય છે છતાં તે અખંડ અને એક સ્વભાવવાળું છે, સ્વભાવભેદ અથવા તો ખંડિત થયેલા બેસ્કંધી નથી. પરિમિત લોકાકાશમાં અપરિમિત અનંતા જીવ દ્રવ્ય તથા અનંત, અનંતતર, અનંતતમ પુદ્‌ગલ દ્રવ્યો રહેલા છે છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં સાંકડા પણ થઇ ગયા નથી અને તેથી તે દ્રવ્યો લોકાકાશમાં ન સમાવાથી અલોકાકાશમાં વેરાઇ પણ ગયાં નથી, પરિમિત અસંખ્યપ્રદેશી લોકાકાશમાં જ બધા સમાઇને રહ્યાં છે. આકાશના પ્રદેશો બીજા દ્રવ્યોના પ્રદેશો કરતાં ઘણા જ સૂક્ષ્મ છે અને અન્ય દ્રવ્યોને અવગાહ આપવાના સ્વભાવવાળાં છે. એટલે તેના એક પ્રદેશમાં એક પ્રદેશ અથવા તો સંખ્યાત, અસંખ્યાત, અનંત તથા અનંતાનંતપ્રદેશી સ્કંધો રહી શકે છે. અરૂપી દ્રવ્યોમાંથી ધર્મ તથા અધર્મનો એક આકાશપ્રદેશ ઉપર એક જ પ્રદેશ રહ્યો છે, કારણ કે જેમ આકાશ લોકવ્યાપી છે તેમ ધર્મ અધર્મ પણ લોકવ્યાપી છે; માટે જ લોકાકાશ, ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયના પ્રદેશો સરખી સંખ્યાવાળા છે. જીવાસ્તિકાયને છોડીને બાકીના અરૂપી દ્રવ્યો સર્વવ્યાપી હોવાથી અક્રિય છે. જે દ્રવ્ય શાશ્વત અક્રિય છે તે એક સંખ્યાવાળું હોય છે અર્થાત્ અરૂપી અક્રિય દ્રવ્ય અનેક હોતાં નથી. જો કે જીવ દ્રવ્ય પણ સ્વરૂપે અરૂપી છે અને તેના પ્રદેશો પણ લોકવ્યાપી દ્રવ્યો જેટલા જ છે છતાં જીવ દ્રવ્ય લોકવ્યાપી ન હોવાથી અનેક અનંતા છે, કારણ કે અનાદિકાળથી તે પુદ્‌ગલ દ્રવ્યરૂપ કર્મના સંયોગને લઇને સક્રિય છે અને જે સક્રિય હોય છે તે સર્વવ્યાપી હોઇ શકતું નથી તેથી આકાશના એક પ્રદેશમાં જીવનો અસંખ્યપ્રદેશી સ્કંધ રહી શકતો નથી પણ લોકાકાશના અનેકપ્રદેશી એક દેશમાં જીવ દ્રવ્ય રહી શકે છે. લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં જીવદ્રવ્યના પ્રદેશ તો તેની સકર્મક અવસ્થામાં હોઇ શકે છે અને તે પણ એક સમયની સ્થિતિવાળા હોય છે, માટે જીવ એક સમય જ લોકવ્યાપી રહી શકે છે, તે પછી પાછો અનંતર સમયમાં જ દેશવ્યાપી થઇ જાય છે. જીવને આ પ્રમાણે સર્વવ્યાપી તથા દેશવ્યાપી થવામાં નિમિત્ત કારણ ઉપાધિજન્ય ક્રિયા હોય છે. જ્યાંસુધી જીવ કર્મસ્વરૂપ ઉપાધિવાળો હોય છે ત્યાંસુધી તેના દેશવ્યાપીપણામાં તારતમ્યતા રહેલી હોય છે. નિરંતર એકસરખા જ આકાશના દેશોમાં રહેતો નથી. અંગુલના અસંખ્યાતમા ભાગથી લઇને લાખ યોજન સુધીના અસંખ્યાતપ્રદેશી આકાશના દેશોમાં રહી શકે છે, કારણ કે જીવ શરીર માત્ર વ્યાપી હોવાથી નાનામાં નાનું કાર્મણ શરીર અંગુલના અસંખ્યાતમા ભાગે હોય છે, અને મોટામાં મોટું વૈક્રિય શરીર એક લાખ યોજનનું હોય છે. બાકીના ઔદારિકાદિ શરીર મધ્યમ પરિમાણવાળા હોય છે માટે જ જીવના દેશવ્યાપીપણામાં તારતમ્યતા હોય છે. છેવટે જીવ જ્યારે કર્મરૂપ ઉપાધિથી સર્વથા મુકાઇ જઇને પોતાનું અરૂપી સ્વરૂપ પ્રાપ્ત કરે છે ત્યારે જે સમયે અરૂપી દશા પ્રગટ થાય છે તે સમયે જે શરીરમાં હોય છે તે શરીરના પોલાણનો ભાગ પોતાના પ્રદેશોથી પૂરાઇ જવાથી જેટલા આકાશપ્રદેશોમાં વ્યાપ્ત થઇને ફેલાઇને રહે છે તેટલા જ આકાશના દેશમાં ભાવી અનંતા કાળ સુધી શાશ્વતપણે સ્થિર રહે છે. પછીથી તેમાં આકાશના ન્યૂનાધિક દેશોમાં વ્યાપ્ત થવારૂપ તારતમ્યતા રહેતી નથી; કારણ કે સર્વથા કર્મથી મુકાઇ જઇને સ્વરૂપ પ્રાપ્ત કર્યા પછી તે અક્રિય થાય છે, અક્રિય દ્રવ્યમાં આકાશના ન્યૂનાધિક દેશ તથા પ્રદેશોમાં વ્યાપ્ત થવામાં નિમિત્તભૂત સંકોચ-વિકોચ હોતો નથી.

ધર્માસ્તિકાયાદિ ચારે અરૂપી દ્રવ્યોની સાથે રૂપી પુદ્‌ગલાસ્તિકાયનો સંયોગ સંબંધ અનાદિકાળથી છે, છતાં જીવાસ્તિકાય સાથેનો સંયોગ સંબંધ ધર્મ, અધર્મ તથા આકાશ કરતાં ઘણો જ વિલક્ષણ છે, કારણ કે બધાય અરૂપી દ્રવ્યો અખંડ હોવા છતાં પણ પુદ્‌ગલના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધની વિલક્ષણતાને લઇને જીવાસ્તિકાયના અખંડપણામાં પણ વિલક્ષણતા રહેલી છે, અને તેથી જીવને રૂપી તથા ખંડિત થવાના સ્વભાવવાળો પણ માન્યો છે. જો કે બધાય દ્રવ્યોનો સંબંધ અનાદિઅનંત છે અર્થાત્ રૂપી તથા અરૂપી દ્રવ્યોનો સંબંધ શાશ્વતો છે છતાં જીવાસ્તિકાયને જેમ અનાદિકાળ રૂપી માનવામાં આવે છે તેમ ધર્માસ્તિકાયાદિ ત્રણને રૂપી માનવામાં આવતાં નથી તેમજ પુદ્‌ગલાસ્તિકાય જેમ જીવના ઉપયોગ ગુણનો ઘાત કરીને જીવને વિભાવ સ્વભાવવાળું બનાવે છે તેમ ધર્મ, અધર્મ તથા આકાશના ગુણોનો ઘાત કરીને તેમને વિભાવ સ્વભાવવાળા બનાવી શકતું નથી; કારણ કે તે ત્રણે દ્રવ્યો અજીવ હોવાથી સજાતીય છે અને જીવ દ્રવ્ય જીવસ્વરૂપ હોવાથી વિજાતીય છે અને તેથી બંને વિજાતીય હોવાથી પુદ્‌ગલાસ્તિકાયનો સંસર્ગ જીવ દ્રવ્યમાં વિકૃતિ ઉત્પન્ન કરી શકે છે. જેમકે ધોળામાં ધોળી વસ્તુ ભળે તો મળી જાય છે, વિસદૃશ ભાવ ઉત્પન્ન થતો નથી પણ ધોળામાં કાળી વસ્તુ ભળે તો વિકૃત–વિસદૃશ ભાવ ઉત્પન્ન થાય છે.

રૂપી તથા અરૂપી દ્રવ્યોનો સંબંધ અનાદિ હોવા છતાં પણ તે ચળ છે, અચળ નથી, અને એટલા માટે જ દ્રવ્યો પોતાનું સ્વરૂપ છોડીને પરસ્વરૂપમાં ભળતા નથી, અર્થાત્ ધર્માસ્તિકાય પોતાનું સ્વરૂપ છોડીને અધર્માસ્તિકાયસ્વરૂપ થાય નહિ અને જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય-સ્વરૂપ બની શકે નહિં, કારણ કે દ્રવ્યોનો સંયોગસંબંધ હોય છે અને બધાય દ્રવ્યો ભિન્ન ભિન્ન ગુણ–પર્યાયવાળા હોવાથી પરસ્પર ઓતપ્રોત થઇને કેમ ન રહ્યાં તોયે તે સ્વગુણ છોડીને પરગુણને ધારણ કરતા નથી, અને તેથી દ્રવ્ય તથા ગુણનો અચળ સ્વરૂપ સંબંધ છે. સંયોગનો વિયોગ થાય છે માટે જ તે અસ્થિર હોવાથી ચળ કહેવાય છે. સંયોગપૂર્વક વિયોગ અને વિયોગપૂર્વક સંયોગ થતો હોવાથી દ્રવ્યોના અનાદિ સંબંધમાં સંયોગ-વિયોગના પૂર્વોત્તરપણાનો નિર્ણય થઇ શકે નહિં એટલે પ્રથમ દ્રવ્યોનો સર્વથા વિયોગ હતો અને પછીથી સંયોગ થયો છે કે પ્રથમ અનાદિથી સંયોગ હતો તેનો વિયોગ થઇને સંયોગ વિયોગની પરંપરા શરૂ થઇ છે? માટે બધાય દ્રવ્યોમાં સંયોગ, વિયોગની પરંપરા અનાદિથી ચાલી આવે છે, છતાં લોકવ્યાપી ધર્મ, અધર્મ તથા આકાશ આ ત્રણે અરૂપી અક્રિય દ્રવ્યોનો સંયોગ વિયોગશૂન્ય હોઇને અનાદિઅનંત છે, તાત્પર્ય કે લોકવ્યાપી ત્રણે અરૂપી દ્રવ્યો કોઇ પણ કાળે છૂટા પડતા નથી તેથી તેમનો સંયોગ અચળ સ્વરૂપે અનાદિ-અનંત છે. જો કે સ્વરૂપની અપેક્ષાથી તે ત્રણેનો સંયોગ અચળ છે, વિયોગશૂન્ય છે, છતાં જીવ તથા પુદ્‌ગલરૂપ પરદ્રવ્યની સાથેનો સંયોગ ચળ વિયોગવાળો છે, કારણ કે સંયોગ, વિયોગ ઉભય દ્રવ્યોમાં રહે છે અને તેથી જીવ તથા પુદ્‌ગલનો જ્યારે ધર્મ આદિ ત્રણે અરૂપી દ્રવ્યોના એક દેશમાં વિયોગ થાય છે અને બીજા દેશમાં સંયોગ થાય છે ત્યારે તે તે દેશને આશ્રયીને ધર્માસ્તિકાયાદિનો પણ તે દ્રવ્યોની સાથે સંયોગવિયોગ થાય છે અને એટલા માટે જ ધર્મ આદિ ત્રણે અરૂપી દ્રવ્યો અખંડ હોવા છતાં પણ તેમના દેશ પ્રદેશ માનવા પડે છે. રૂપી દ્રવ્ય હોય કે અરૂપી પણ જે દ્રવ્ય સક્રિય છે તે સંયોગ વિયોગ-વાળું હોઇ શકે છે કારણ કે એવો નિયમ છે કે જે દ્રવ્યો અખંડ અરૂપી હોય તે સર્વવ્યાપી છે, તેમાં ક્રિયા હોતી નથી. અને તેથી કરીને તે દ્રવ્યોના અનાદિ સંયોગનો છેડો નથી અને આવા દ્રવ્યોની સંખ્યા પણ એકની હોય છે, અનેક હોતા નથી. સ્વરૂપથી રૂપી એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુદ્દગલાસ્તિકાયના સંયોગ-વિયોગની પરંપરા અનાદિઅનંત છે. પૌદ્દગલિક દ્રવ્યો સજાતીય તથા વિજાતીય દ્રવ્યોની સાથે અનાદિ કાળથી મળતાવિછડતા આવ્યા છે. પરંપરા છેડા વગરની છે, સકર્મક રૂપી જીવ દ્રવ્યનો સંયોગવિયોગ અન્ય દ્રવ્યોની સાથે અનાદિથી છે, કર્મ દ્રવ્યને આશ્રયીને કેટલાક જીવોનો સાંત છે અને કેટલાકનો અનંત છે, એટલે કે ભવ્ય જીવોનો કર્મસ્વરૂપ પુદ્દગલ દ્રવ્યોની સાથેનો સંબંધ અંતવાળો છે અને અભવ્યનો અંત વગરનો છે. કર્મપણે પરિણત પુદ્દગલોને છોડીને બાકીના રૂપી તથા અરૂપી દ્રવ્યોની સાથેના કર્મમુક્ત જીવ દ્રવ્યોના અનાદિ સંયોગ વિયોગમાંથી કેવળ સંયોગ અનંત છે, બાકી વિયોગ સાંત છે અર્થાત્ મુક્તાત્માઓ સંપૂર્ણ કર્મથી મુકાઈને શુદ્ધ થયા પછી પોતાનું અરૂપી સ્વરૂપ મેળવે છે તેથી તે અક્રિય થાય છે અને એટલા માટે જ તે ગતિશૂન્ય થવાથી વિયોગ વગરનો થાય છે. સકર્મક જીવ તથા પુદ્દગલ સક્રિય હોવાથી જીવની સાથે સંબંધિત થયેલા કર્મ દ્રવ્યોમાં પરિવર્તન થયા કરે છે અર્થાત્ જૂનાનો વિયોગ થાય છે અને નવાનો સંયોગ થાય છે અને તેથી કરીને ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા અનેક પ્રકારના કર્મનો જીવની સાથે સંબંધ થાય છે, તેથી તે કર્મ સંયોગ પ્રવાહથી અનાદિ છે. અર્થાત્ નદીના પાણીના પ્રવાહમાં પહેલાનું પાણી જેમ જેમ આગળ ચાલતું જાય છે તેમ તેમ પાછળથી નવું આવતું જાય છે. તે જ્યારે જે ઝરણાઓ-માંથી પાણી વહે છે તે સુકાઈ જાય છે ત્યારે નવું આવતું બંધ થવાથી નદીના પાણીના પ્રવાહ સુકાઈ જાય છે તેવી જ રીતે પૂર્વ કર્મ ભોગવાઈ જવાથી આત્માથી છૂટા પડતા જાય છે અને નવાં કર્મ આવતા જાય છે તે જ્યારે નવા કર્મનો બંધ ટળી જાય છે ત્યારે નવા કર્મ આવતા બંધ થાય અને જૂના કર્મનો ક્ષય થાય છે એટલે અનાદિથી ચાલ્યો આવતો કર્મનો પ્રવાહ તૂટી જવાથી આત્માની સાથેના કર્મના અનાદિ સંયોગ-નો સર્વથા વિયોગ થઈ જાય છે.

આ પ્રમાણે જીવ તથા કર્મના અનાદિ સંજોગને લઈને જ દ્રવ્ય જગત અનાદિ મનાય છે અને તે પરિવર્તનશીલ હોવાથી પ્રવાહથી અનાદિ છે અને એટલા માટે જ તેને ક્ષણિક પણ કહેવામાં આવે છે. જીવ દ્રવ્ય તથા પુદ્દગલ દ્રવ્ય અનેક હોવાથી જ જગતની વિચિત્રતા જણાય છે. જો જીવ તથા પુદ્દગલ દ્રવ્યની સંખ્યા એકની હોત અર્થાત્ એક એક દ્રવ્ય હોત તો પ્રત્યક્ષ જણાતા જગતમાંનું કશું ય ન હોત, અને અનેક સંજ્ઞાથી ઓળખાતા પુદ્દગલ-સ્કંધોના અભાવે જીવની વિભાવ દશાનો પણ અભાવ જ થતો હોત તેમજ અનેક દ્રવ્યોના આધાર માટે આકાશ તથા સક્રિય દ્રવ્યોની ગતિ-સ્થિતિ માટે ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય દ્રવ્યોની પણ જરૂરત ન રહેત, પરંતુ પ્રત્યક્ષ જણાતા જગતનો બુદ્ધિપૂર્વક વિચાર કરવાથી પંચાસ્તિકાયની વિદ્યમાનતા સ્પષ્ટ સમજાય છે. તેમાં જીવ તથા પુદ્દગલ અનેક અને રૂપી તથા ધર્મ, અધર્મ અને આકાશ એક અને અરૂપીપણે માનવાથી જ જગતની વ્યવસ્થા થઈ શકે છે. જીવ તથા પુદ્દગલ તો બધાયને પ્રત્યક્ષ છે જ અને સક્રિય દ્રવ્યો માટે સહાયક તરીકે અદૃશ્ય હોવા છતાં પણ ધર્મ-અધર્મનું અનતિશય જ્ઞાનવાળા અનુમાન કરી શકે છે તેમજ આધારભૂત આકાશનું પણ આ એક દ્રવ્યોને આશ્રીને અવશ્ય અનુમાન થાય જ છે; કારણ કે અવગાહ મેળવ્યા સિવાય દ્રવ્યોની સ્થિરતા થઈ શકતી નથી અને તેથી જ પંચાસ્તિકાયમય જગત કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૃદ્ધત્વમીમાંસા

( ૨ )

## Associate with the young—જુવાનની સોબત—જુવાનનો સંપર્ક

લેખક—શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી

( ગતાંક પૃષ્ઠ ૭૮ થી શરૂ )

વૃદ્ધ માણસે જુવાનનો સંપર્ક રાખવો જોઇએ; તેથી વૃદ્ધ માણસ પોતાનું જુવાન મન સાચવી શકે છે અને પોતાનો ઉપયોગ અને લાગવગ સંભાળી શકે છે; ઉપરાંત જુવાન માણસો વૃદ્ધ માણસની મદદ અને સલાહ સિવાય ઘણી વાર સાચા નિર્ણયો કરી શકતા નથી. વૃદ્ધ અને જુવાન સ્વતઃ પૂર્ણ નથી, પણ એક બીજાના પૂરક છે. સામાન્ય રીતે સાચો નિર્ણય વૃદ્ધ અને જુવાન માણસોના પરસ્પરના સહકારથી સમાધાનરૂપે નીકળે છે.

જુવાન અને વૃદ્ધ વચ્ચે કાયમથી ઝઘડો ચાલ્યા કરે છે. દરેક દેશ, દરેક સંસ્થા અને દરેક કુટુંબમાં આ જોવામાં આવે છે. દરેક અવસ્થાના માણસો વચ્ચે બને તેટલો સહકાર હોવો જોઇએ. વૃદ્ધ કે યુવાને એકબીજાને ઉતારી પાડવા ન જોઇએ. બંનેને દૃષ્ટિબિંદુ હોય છે અને બંને સત્ય બતાવી શકે છે. એકલા જુવાન માણસોના હાથમાં સત્તા જાય તો છેલ્લી લડાઇમાં જર્મનીના જે હાલ થયા તેવા બીજાના થવા સંભવ છે.

કોઈ પણ સમાજ કે સંસ્થામાં જૂના અને નવા માણસો વચ્ચે સંપર્ક હોવો જોઇએ. જૂના માણસોએ નવા માણસોને માર્ગદર્શક બનવું જોઇએ, જુવાન માણસોને દબાવી દેવા પ્રયત્ન ન કરવો જોઇએ, તેમ કરવાથી ક્રાંતિ અને અંધાધુની થાય છે. તેમજ જુવાન માણસોને છૂટી લગામ ન દેવી જોઇએ. તેનું પરિણામ એકનાયકવાદ આવે છે. જુવાન માણસોને વૃદ્ધ માણસોની દોરવણી મળે તો તેઓ નવી નવી વસ્તુઓના સર્જક બને છે અને સમાજને લાભકર્તા થાય છે. પણ જુવાનોને તદ્દન છૂટી દોરી મળી જાય તો તેઓ પાયમાલીના જ રચનાર થાય છે.

માનવ જાતિનું જીવન કેટલું ગંભીર અને દુઃખમય છે તે વૃદ્ધ માણસો જ સમજી શકે છે.

વૃદ્ધ માણસોની ફરજ છે કે તેમણે દેશની પરંપરા અને સંસ્કૃતિને સંભાળી રાખવા, દેશમાં જીવનધારા સતત વહેતી રહેવી જોઇએ, તેમાં ભંગ ન પડવો જોઇએ પણ પરંપરા દેશકાળને અનુકૂળ હોવી જોઇએ, માટે તેમાં અવારનવાર સુધારાવધારા થવા જોઇએ, નહિં તો સમાજનું ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જીવન બંધાઈ જાય અને પરિણામે નાશ પામે.

જે દેશમાં વૃદ્ધ અને જુવાનની સમાજ ઉપરની લાગવગમાં સમતોલપણું હોય ત્યાં ઘણાં સારાં પરિણામો આવે. બંનેના દૃષ્ટિબિંદુઓનું મિશ્રણ થવું જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજકીય તેમજ વ્યાપારી કારોબારીમાં અનુભવી અને જુવાન સાથે હોવા જોઇએ, જેથી વૃદ્ધ માણસો પ્રગતિ ન અટકાવી શકે અને જુવાન માણસો ઝઘડા ન ઊભા કરી શકે.

જાહેર મત કેળવવાનું કામ વૃદ્ધ અનુભવીઓનું છે. તેઓને બહોળો અનુભવ અને વિચાર કરવાની સ્વતંત્રતા હોય છે.

ઘરના જુવાન માણસોએ વડીલો તરફ માનવૃત્તિ રાખવી જોઇએ. વૃદ્ધ માણસને કેટલીક વાર નાની નાની બાબતોમાં ઓછું લાગી જાય છે, માટે ઘરના માણસોએ તેમના તરફ વધારે વિવેક બતાવવો જોઇએ.

વૃદ્ધ માણસે કુટુંબના છોકરાઓને માથે ચડાવી બગાડવા ન જોઇએ, નહિ તો પાછળથી ભારરૂપ બને છે અને વૃદ્ધ માણસને આખી જિંદગી કામ કરવાનું જ રહે છે.

માણસે વધારે વૃદ્ધ દેખાવાનો કે ગંભીરતા ધારણ કરવાનો પ્રયત્ન ન કરવો તેમ પોતાની મોટાઇ અને વધારે અગત્યના બતાવવા દેખાવ ન કરવો. તેમ કરવાથી તે જુવાન માણસોથી જુદો પડી જાય છે અને સમાજમાં નિરુપયોગી બને છે. વાર્તાલાપમાં પણ વૃદ્ધ માણસે પોતાની જાત અને પોતાના અનુભવો બતાવવા મહેનત ન કરવી. ઘણા વૃદ્ધ માણસોમાં આ જાતની ખોટી ટેવ હોય છે. ગમે તેવો પ્રખ્યાત માણસ હોય તો પણ તેણે પોતાના અહંભાવને કાબૂમાં રાખવો જોઇએ. શ્રીમંત થવાથી કે જાહેર જીવનમાં પ્રખ્યાત થવાથી વૃદ્ધ માણસે ગર્વીષ્ટ ન થવું જોઇએ; નહિ તો તેના ઘણા જૂના મિત્રો તેને ત્યજી દે છે.

યુવાન માણસોની બુદ્ધિ અને શક્તિનો વૃદ્ધ માણસે અનાદર ન કરવો જોઇએ. ઘણા યુવાન માણસોએ પણ નાની અવસ્થાએ પોતાના નામ કાઢેલા છે. ઉમરના વર્ષોથી માણસની પરીક્ષા કરવી તે ભૂલ છે. દરેક વૃદ્ધ માણસે યુવાન માણસોમાં રસ ધરાવવો જોઇએ, વૃદ્ધ માણસે યુવાનને તેની મહત્વાકાંક્ષાઓમાં નિરુત્સાહી ન બનાવવો જોઇએ. તેમ કરવાથી ઘણા ઉત્સાહી યુવાનોની કારકીર્દિ બગડે છે. નવા જમાના સાથે સંપર્કમાં રહેવાથી તમારું મન યુવાન રહે છે અને ઉમરની અસર તમારા મનને લાગતી નથી. કોઇ નવો વિચાર સાંભળતા તમને જો દુ:ખ લાગે તો માનજો કે તમને ઘડપણ આવ્યું છે. જો નવા વિચારમાં તમે રસ લ્યો તો તમે જુવાન છો એમ સમજવું. ધોળા વાળ થવાથી કે માથામાં તાલ પડવાથી માણસ મનથી વૃદ્ધ થતો નથી.

હસવાથી માણસમાં યુવાની રહે છે માટે હસવાની ટેવ રાખવી જોઇએ. ગંભીર શોકીયું મોઢું ન રાખવું.

મધ્યમ અવસ્થામાં છોકરાઓ મોટા થઇ ધંધે-પાણીએ વળગી જવાથી પિતાને છોડી અન્ય સ્થળે જાય છે. પણ વૃદ્ધ અવસ્થામાં પૌત્રોનો પિતાને સહવાસ મળે છે, તેથી વૃદ્ધ અવસ્થા અને બાળપણાને સુમેળ બને છે, અને વૃદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માણસ જુવાન થાય છે, બાળકો વૃદ્ધની આંખોમાં તેજ રેડે છે, અને વૃદ્ધને પણ બાળક તરીકે ગણે છે. બાળકો વૃદ્ધને રમતનો સાથી બનાવે છે. પ્રપિતા થવું એ એક મૂડી છે જે વૃદ્ધાવસ્થામાં જ પ્રાપ્ત થાય છે.

બાળજીવન સાથે સંપર્ક રાખવો તે વૃદ્ધ અવસ્થામાં ઘણું ઉપયોગી છે, માટે બાળકોનો સ્નેહથી સહવાસ શોધવો જોઇએ. બાળકના સહવાસથી વૃદ્ધની ઉમર ઘટતી નથી પણ વધે છે, વૃદ્ધ કાંઇ ગુમાવતો નથી પણ મેળવે છે. ઘણા કારણોથી જણાય છે કે વૃદ્ધ માણસ પોતાના પુત્રો કરતાં પ્રપુત્રો તરફ વધારે માયા-મમતા ધરાવતો જોવામાં આવે છે, અને તેમનામાં વધારે રસ લે છે. કામ-ધંધામાં ઘણો રોકાયેલ રહેતો હોવાથી પુત્રોને પોતાનો પૂરતો વખત જુવાનીમાં તે ન આપી શક્યો હોય, પણ હવે વૃદ્ધ થવાથી પ્રપુત્રો પ્રત્યે પોતે વધારે વખત અને ધ્યાન આપી શકે અને તેઓના જીવનમાં વધારે રસ લઇ શકે છે. પોતે ત્રીજી પેઢી જોવા ભાગ્યશાળી થયો છે તે જોઇ તેને ઘણો સંતોષ થાય છે. કેટલાક ભાગ્યશાલી તો ચોથી પેઢી પણ જુએ છે.

મનથી જુવાન રહેલ વૃદ્ધ માણસને બાળકોની હાજરીથી આનંદ થાય છે, કચવાટ થતો નથી. પોતાના વિશાલ જૂના ઘરનો વૃદ્ધ માણસે સારો ઉપયોગ કરતા જાણવું જોઇએ. તેણે વધારે ( Social ) મળતાવડા અને વધારે hospitable બીજાનો સત્કાર કરનાર બનવું જોઇએ. તેણે જુવાન અને બાળકોના અવાજોથી પોતાના ઘરને પ્રદીપ્ત કરવું જોઇએ. કિલ્લાની જેમ પોતાના ઘરમાં એકલા ગોંધાઇને ન રહેવું જોઇએ. તેણે બાળક સાથે બાળક બનવું જોઇએ અને સાધુ સાથે સાધુ થવું જોઇએ. અનુકૂળ બનવાની શકિત એક મોટી બક્ષીસ છે. બહુ જ ઓછા માણસોમાં આ શકિત હોય છે. વૃદ્ધ માણસમાં આકર્ષણ શકિત અને સૌજન્યતા હોવા જોઇએ.

## Assets & Advantages : અવસ્થાનાં લાભો અને ભંડોળ

વૃદ્ધાવસ્થામાં મન અને બુદ્ધિનો હ્રાસ થાય છે એવી માન્યતા છે. સાઠે બુદ્ધિ નાઠે એવી એક કહેવત છે. આ માન્યતા ઘણા કેસોમાં ખોટી ઠરે છે. ઊલટું વૃદ્ધાવસ્થામાં બુદ્ધિ પરિપક્વ થાય છે. વિવેકશક્તિ અને વિચારશક્તિ વધે છે. વૃદ્ધ માણસો જેટલે દરજ્જે સારાસારનો વિચાર કરી શકે છે તેટલે દરજ્જે જુવાન માણસો કરી શકતા નથી. અલબત્ત કેટલેક દરજ્જે વૃદ્ધાવસ્થામાં શારીરિક શકિતઓ નબળી પડે છે, ઇંદ્રિયો કાંઇક ક્ષીણ બને છે પણ તેટલા ઉપરથી વૃદ્ધાવસ્થાને દુઃખી માનવાનું કાંઇ કારણ નથી. પૂર્વાવસ્થામાં શરીરને કસ્યું હોય, નિયમિત જીવન ગાળ્યું હોય, કોઇ દુર્ગુણો કે વ્યસનો ન સેવ્યા હોય, દિવસો સંતોષ અને આનંદમાં ગાળ્યા હોય તો ઉત્તરાવસ્થામાં પણ શરીર અને મનનું સ્વાસ્થ્ય સારું રહે છે. માણસના શરીરનું બંધારણ એક યંત્ર જેવું નિર્જીવ નથી, માણસના શરીરને અને અવયવોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહર્નિશ પોષણ કરે છે અને પોષણદ્વારા શરીરના અવયવોને Recuperate–પુનરૂરચના કરવાની માણસને શક્તિ છે, જે યંત્રના ભાગોમાં હોતી નથી.

વૃદ્ધાવસ્થામાં શારીરિક નબળાઇ આવે છે, પણ માનસિક નબળાઇ આવવા કારણ નથી. સીત્તેર એંસી વર્ષના માણસોના મન પણ ઘણીવાર ચપળ હોય છે. કેટલાક વૃદ્ધ માણસોના શરીર તદ્દન જર્જરિત થયેલ હોવા છતાં તેમના મન ઘણા સ્વસ્થ અને બુદ્ધિશાળી જોવામાં આવે છે. શરીર નહિ પણ મન માણસનું મુખ્ય અંગ છે. અર્થાત્ માનવી થવામાં શરીર કરતાં મન ઉપયોગી છે.

વૃદ્ધાવસ્થામાં માણસ વધારે સંયમી થાય છે, તેની વિષય વાંછનાઓ ઓછી થાય છે. મહત્ત્વાકાંક્ષાઓ શમિત થાય છે, તૃષ્ણાઓ શાંત બને છે, જીવન વધારે એકધારું પોતાના કાબૂમાં રહે છે, સ્વભાવ અને લાગણીઓ તેને વશ રહે છે, વયના પરિપાકથી તેની દૃષ્ટિ વિશાળ બને છે અને નાની નાની બાબતો તરફ તે દુર્લક્ષ્ય બને છે. ટૂંકમાં ઉત્તરાવસ્થામાં તે વધારે તત્ત્વવિચારક થાય છે.

જીવનકાળ માણસની મૂડી છે. તેનો દુર્વ્યય પણ કરી શકાય છે અને સદ્વ્યય પણ થાય છે. જીવનકાળનો સદ્વ્યય કર્યો હોય તો ઉત્તરાવસ્થામાં તે વ્યાજ આપે છે. તેના ફળ દૃશ્ય છે તેમ અદૃશ્ય પણ છે.

વૃદ્ધ માણસોના મન સંસ્કારો અને સંસ્મરણોથી ભરેલ હોય છે, જેનો ઉપયોગ યોગ્ય કાળે કરી શકાય છે.

વૃદ્ધાવસ્થામાં માણસનું મગજ ઓછું તીવ્ર હોય છે. તેનામાં કલ્પનાશક્તિ પણ ઓછી હોય છે, વૃદ્ધ માણસો નવી શોધખોળો ઓછી કરી શકે છે, નવા વિચારો સહેલાઇથી ગ્રહણ કરી શકતા નથી, સ્મરણશક્તિ પણ ઓછું ગ્રહણ કરે છે; પણ વૃદ્ધ માણસોની વિચારશક્તિ અને વિવેકશક્તિમાં ઊણપ આવતી નથી. સામાન્ય રીતે સર્જનશક્તિ વૃદ્ધ અવસ્થામાં ઓછી હોય છે, છતાં તેમાં પણ અપવાદો જોવામાં આવે છે. કાળજૂના મહાન વૃક્ષની જેમ વૃદ્ધ જીવનના મૂળો ઊંડા હોય છે. જીવનના સંસ્મરણો, અનુભવો, જ્ઞાન અને આચારવિચારો વૃદ્ધ જીવનના મૂળો છે. મહાન વૃક્ષ જેટલું જમીન ઉપર દેખાય છે તેટલું જમીનમાં છે, તેમ વૃદ્ધ માણસનું જીવન બાહિર વિસ્તાર અને આંતર ઊંડાણવાળું છે. નાના છોડવા જેવું મૂળ વિનાનું નથી.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વ્યવહાર કૌશલ્ય

(૨૭૧)

### છ ચીજથી મૂર્ખને ઓળખી શકાય:

(૧) કારણ વગરનો ક્રોધ. (૨) આવક વગરનો વાણીવ્યાપાર.
(૩) પ્રગતિ વગરનો ફેરફાર (૪) હેતુ વગરની પૂછપરછ.
(૫) અજાણ્યા માણસનો વિશ્વાસ. (૬) દુશ્મનને મિત્ર ધારવાની ભુલ.

એક જાણીતી વાત છે કે મૂર્ખાઓનાં કાંઇ જુદાં ગામ વસતાં નથી, એ આપણાં જ ગામમાં રહેતા હોય છે; એટલે એને ઓળખવા જોઇએ, એને શોધી કાઢવાનાં ચિહ્નો જાણવાં જોઇએ અને આપણે પોતે કદાચ ઓછેવત્તે અંશે એ વર્ગમાં આવી જતાં ન હોઇએ તે સમજી લેવું જોઇએ. એનું કારણ એ છે કે કોઇ પણ વ્યકિત પોતાને મૂર્ખ માનતો નથી, મૂર્ખ છું એમ જાણતો નથી અને કોઇ તેને મૂર્ખ કહે તો જાતનું અવલોકન કરવાને બદલે મોટે ભાગે એ ઉશ્કેરાઇ જાય છે અથવા ગુસ્સે થાય છે. જેમ માણસ પોતાનો વાંક કે વાંસો જોઇ શકતો નથી તેમ પોતે મૂર્ખ છે કે નહિ તે વાત ચોખવટથી જાણતો નથી. એટલે મૂર્ખાઇની નિશાનીઓ થોડી વિચારી લઇએ અને પછી આત્માવલોકન કરી એ કસોટીના પથ્થર પર પોતાનો કસ કાઢીએ; કારણ કે પોતાની જાતને છેતરે, આત્મવિગોપન કરે, બાહ્ય દેખાવ ઢોંગ કે દંભ કરે એ તો ઉઘાડી રીતે મૂર્ખ છે અને એ જ્યારે પકડાઇ જાય કે ઉઘાડો પડી જાય ત્યારે ભારે ખસિયાણો પડી જાય છે અને પછી તો એને પણ પોતાના ડહાપણ માટે જરા જરા શંકા આવવા માંડે છે. ઝરીથી મઢેલા પહેરણથી કે કોટથી મૂર્ખાઇ ઢંકાઇ શકાતી નથી, કારણ કે સોનેરી ઝળકતો કોટ પણ આખરે મૂર્ખનો જ કોટ છે.

કારણ વગર કોપ કરે, ગુસ્સે થાય, મગજ પરનો કાબૂ ખોઇ બેસે તે મૂર્ખ. જે પૈસાની આવક ન હોય છતાં બોલ બોલ કર્યા કરે, વિનાકારણ વચનશકિતનો વ્યય કરે તે મૂર્ખ. આગળ વધવા માટે હીલચાલ જરૂરી છે, પણ દોરાવા પણ આગળ વધાય નહિ અને વ્યવહાર, વર્તન કે ક્રિયામાં ફેરફાર કરે તે મૂર્ખ. એનું શું થયું? અને એ કયાં ગયો? કેમ ગયો? એવા સવાલો મુદ્દા વગરના કરે તેને મૂર્ખ સમજવો. જેના ઘરબાર જોયાં નથી, નામ ઠામ જાણ્યા નથી, કુળ શીલ પીછાન્યા નથી એવા અણઓળખીતા માણસ ઉપર કામને અંગે, સગપણને અંગે કે ધારધારને અંગે વિશ્વાસ કરે તે મૂર્ખ અને દુશ્મનને મિત્ર ધારી તેને ગુપ્ત વાત કે ગુલ આપી બેસે તેને મૂર્ખ સમજવો.

આવા મૂર્ખાઇના નમૂના છે. ઉદ્દેશ વગર માથા ફોડનાર, હેતુ વગર પ્રવૃત્તિ કરનાર, વિચાર કર્યા વગર ઝુકાવનાર, કામ વગર આંટા મારનાર અથવા નિષ્કારણ વૈરી કરનાર મૂર્ખ છે. આવી રીતે મૂર્ખાઇની વ્યાખ્યા કરી બેઠા. હવે પોતાની જાત પર પારાશીશી મૂકો. પોતે એમાંની કોઇ પણ બાબતમાં બાકી રહે છે? અને છતાં 'અપને આપને તાનમેં ગદ્ધા ભી મસ્તાન'ના રાહ પર આપણે પોતાની જાતને ચાલાક, ચબરાક કે પાકા માનીએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તેમાં અને ગદ્ધાની મસ્તાનીમાં શો ફેર પડે? આરિસામાં જોતાં આવડે તો પોતાને પોતે ઓળખે ખરો!

A fool may be known by six things: anger, without cause; speech, without profit; change, without progrers; inquiry, without object; putting trust in a stranger and mistaking foes for friends.

(25-10-1945) D. N. Bank.

## ( ૨૭૨ )

**કુદરતે આપણને બે કાન અને બે આંખ આપ્યા છે, ત્યારે જીભ એક જ આપી છે તેનું કારણ એ લાગે છે કે આપણે બોલીએ તે કરતાં વધારે જોઇએ અને સાંભળીએ.**

'બહુ બોલે તે બાંઠો'—જાણીતી વાત છે. બાંઠો અથવા બાંઠો એટલે વામનજી, ઠીંગણો, ગંઠો, વધવો જોઇએ તેટલો વધી ન શક્યો હોય, અધૂરો, ટૂંકો કે કાચો રહી ગયો હોય તે 'બાંઠ' કહેવાય. પણ જીભડી એવી લપલપ થાય છે કે એને વગર કારણે બોલવાનું-લવલવ કરવાનું મન થાય છે, એને પોતા પર સંયમ રહેતો નથી અને બોલનારને નકામો હલકો બનાવી મૂકે છે. સમજુ વિચારક તો ખાસ **જરૂર હોય** ત્યારે જ બોલે છે, તે પણ **જરૂર જેટલું** જ બોલે છે અને પોતાના શબ્દોની તુલના કરી **મુદ્દામ** વાત જ બોલે છે. વગર કારણે બોલબોલ કરે તેનામાં અને મૂર્ખ માણસમાં બહુ થોડો તફાવત રહે છે અને બોલવાને અંગે પણ એક જાતની અર્થ વગરની પાંસળી જ થાય છે. એટલા માટે જે નકામું બોલબોલ કરે છે તેને અદકપાંસળીઓ કહેવામાં આવે છે.

વાણી અને વિચારને ગાઢ સંબંધ છે: જેના વાણી અને વિચારમાં એકવાક્યતા હોય છે તે માણસમાં પ્રૌઢતા આવે છે, તે પૂછવા સ્થાને આવે છે અને તેની સલાહ માન્ય ગણાય છે, ત્યારે જે ભડભડ બોલી જનાર હોય છે તે ઉપરછલ્લો અને બહુબોલો ગણાય છે, સભ્ય સમાજમાં આવા **વાતોડીયાને સ્થાન નથી**. એના વચન પર કામ લેવાતું નથી, એની સલાહ પાછળ જોઇએ તેવાં ગૌરવને અવકાશ રહેતો નથી.

મેળાવડો હોય કે મેદની હોય, સાજનું મળ્યું હોય કે મહાજનનો મેળાવડો થયો હોય ત્યાં **ભડભડીયા** બોલી નાંખે છે, પણ એનું વજન પડતું નથી. જ્યારે મુદ્દામ બોલનાર વિવેકી વિચારક થોડા શબ્દોમાં આમ જનતાને પોતાની કરી શકે છે, બહુમતિ પ્રાપ્ત કરી શકે છે અને અલ્પ પ્રયાસે પોતાનું કામ કરી જાય છે. જેમ જેમ વિચારની દરિદ્રતા હોય છે તેમ તેમ વાણીની વિપુલતા હોય છે. બહુ બોલો માણસ હસાવી શકે ખરો, પણ ચોક્કસ કામ કરી કરાવી શકે નહિં.

અને આપણું માનસ બંધારણ પણ એ જ ધોરણે રચાએલ છે. સાંભળવા બે કાન, જોવા બે આંખ અને બોલવા માટે જીભ એકની એક જ એ શું બતાવે છે? બને તેટલું સાંભળો, દેખાય તેટલું જુઓ અને ખાસ કારણ અને લાભ હોય તો જ બોલો. નકામી ગડબડ કરી જ્ઞાન બતાવવા, વિનોદ કરવા કે પોતે છે એમ બતાવવા કદી બોલવું નહિ અને વાત કરતા વધારે પડતી વાતો કરવી નહિ, પોતાની વાતો કરવી નહિ, પોતે કંઇ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ બતાવવાનો પ્રયત્ન કરવો નહિ. ડાહ્યા માણસ બોલવા પહેલાં વિચાર કરે છે, મૂર્ખ બોલી નાખે છે અને પોતે શું બોલ્યો તે પર વિચાર કરે છે, માટે હોય તે સંઘરી રાખો. અવસરે બોલો, પ્રસંગને અનુરૂપ બોલો અને બોલવા કરતાં વધારે જાણો, સાંભળો, દેખો. બોલચાલીમાં ઉતરી પડનાર પોતાનો બોજ ખુએ છે, જાતે હલકો પડે છે અને પ્રગતિને અટકાવી દે છે.

---

Nature has given us two ears, two eyes and but one tongue; to the end that we should hear and see more than we speak.

SOCRATES ( 22-11-1945 ) D. N. B.

( ૨૭૩ )

**અમુક માણસે તમને ખોટું કર્યું છે એમ તમારા ધારવાને અંગે કદાચ તમે એ માણસને ગેરઇન્સાફ કરતા હો એ પણ બનવાજોગ છે.**

માનસવિદ્યાનો આ ઊંડો ભેદ છે અને ગંભીર આત્મનિરીક્ષણ અને દીર્ઘ ચિંતવન કરનારને જ સાંપડે તેવો છે. જ્યાં સુધી માણસ ઊંડી વિચારણા કરતો નથી, જ્યાં સુધી અંદરની પરીક્ષા કરવાની તેનામાં કેળવણી જામતી નથી, ત્યાં સુધી એ ઘણીખરી બાબતમાં ઉપરછલ્લો ખ્યાલ બાંધી લે છે અને ઘણી વખત એકતરફી હુકમનામાં ઠોકી બેસાડી પોતાના ખ્યાલમાં મસ્ત બન્યો રહે છે. એ સાંભળે કે અમુક ભાઇ તેનું વાંકું બોલતા હતા એટલે એ માણસને પોતાનો હરીફ, દુશ્મન કે વિરોધી માની લે છે. એણે એવી વાત કરી છે કે નહિ તેની પણ એ તપાસ કરતો નથી, સામાને ખુલાસાની તક આપતો નથી અને સત્યાસત્યની છણાવટમાં ઉતરતો નથી. બનવાજોગ છે કે એ માણસ વાંકું બોલ્યો જ ન હોય, બોલ્યો હોય તો હકીકત પાછાફેર થઇ ગઇ હોય, બનવાજોગ છે કે એને અમુક વાત તમારા હિત માટે જ કરી હોય, બનવાજોગ છે કે એ હકીકત એના અભિપ્રાય તરીકે તમારા જાણવામાં આવે તો તમને સામાજિક નજરે સુધારવા કે ફેરવવાની દૃષ્ટિએ તમારા હિત માટે તેણે કરી હોય-આવા તો સેંકડો વિકલ્પો એની પાછળ હોઇ શકે અને એવી સંભાવના છતાં, તમે તેની પાસે ખુલાસા માગ્યા વગર તેને તમારા વિરોધી તરીકે માની લો, તો તેમાં તમે તેને મોટો ગેરઇન્સાફ કરો છો. આ આખી પદ્ધતિ તમને માનપ્રદ કે હિતકારક તો ન જ ગણાય.

માટે કોઇ માણસે આપણને ખોટું કર્યું છે કે એનો ઇરાદો એની ક્રિયાને અંગે આપણું અહિત કરવામાં ખરાબ હતો એમ ધારી લેવામાં આપણે તેને અનેકવાર મોટો અન્યાય કરી બેસીએ છીએ. આપણી આજુબાજુ નજર કરતાં જણાશે કે સામા માણસનો અમુક જ આશય હશે અથવા હોવો જોઇએ એવો આરોપ કરી બોલવાની ટેવ બહુ સામાન્ય છે, પણ એવા આરોપમાં ધારવાથી તદ્દન ઊલટી જ વાત નીકળી આવે એમ વધારે તપાસ કરતાં ઘણીવાર જડી આવે છે.

માટે કોઇ ભાઇનું આપણે અંગે વર્તન કે વચન અન્ય પાસેથી જાણી, સાંભળીને આરોપ સ્વીકારી લેવાની ટેવ રાખવી નહિ. એમાં નિરર્થક કદર્થના-કારણવગરની ગેર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય-વાડીના કુસુમો

## આર્ય રમણી (૨)

લે૦—મોહનલાલ દીપચંદ ચોકસી

**જીવનપલટો—**

આચાર્યશ્રીના નરક તેમજ સ્વર્ગ સંબંધી સચોટ વર્ણન પછી મેં પાકો નિશ્ચય કરી લીધો છે. ભાગવતી દીક્ષા વિના જે ભયંકર પાપાચરણ આપણે કર્યું છે, તેનો છૂટકારો અન્ય કોઇ માર્ગે શકય નથી જ.

વહાલી પ્રેમદા! મને તારું મગજ વારંવારના સ્વપ્નોથી ભ્રમિત થયું જણાય છે. ગૃહસ્થ ધર્મનું પાલન કરવું એમાં પાપ કેવું? એ ધર્મના પાલન ઉપર તો સૃષ્ટિનો વિકાસ અવલંબે છે.

અહીં ગૃહસ્થ ધર્મને કાં આડો ધરો છો? હું જેને ભયંકર અને ખોટું આચરણ કહું છું તે આપણો પતિ-પત્ની તરીકેનો સંબંધ જોડવામાં આવ્યો તે વાતને આશ્રયી છે.

જન્મથી જ જેમના વચ્ચે ગાઢ પ્રીતિની ગાંઠ બંધાઇ છે, ઉભય વચ્ચે એવો સ્નેહ છે કે એમાંથી એકના અભાવે બીજો ઘડીભર રહી શકે નહિં એવા સંયોગોમાં ઉભય બાલક બાલિકાને લગ્નગ્રંથીથી જોડવા, અને સાથે રહી સંસાર-રથ વહન કરવાની શિક્ષા આપવી એમાં મને તો કંઇ જ અયુક્ત નથી જણાતું.

સ્વાર્થ ધર્મ-નીતિ ભુલાવે છે અને જોડે સાન-ભાન પણ ભુલાવી દે છે. એક જ જનનીની કૂખે જન્મેલા આપણે સહોદરના સગપણવાળા ગણાઇએ. જગતમાં એ જ રીતે વ્યવહાર કરાય છે. દુનિયા એમને ભાઇ-બહેનના સંબંધથી જ સંબોધે છે. ઉભય વચ્ચેનો સ્નેહ ગમે તેવો ગાઢ અને રેશમની ગાંઠે ગંઠાયો હોય, છતાં એ નિષ્પાપ હોવો જોઇએ. એનો પલટો પતિ-પત્નીના પ્રેમમાં ન જ થાય. એ કરીને વડીલે

---

સમજુતી અને કેટલીક વાર આજીવન વૈર બંધાય છે. આપણી ચિંતા સામાને એરકન્સાફ ન થાય તે માટેની હોવી જોઇએ અને અન્ય માણસો આપણું અહિત ચિંતવનારા છે કે કરનારા છે એમ માનવાનો આપણો અધિકાર પણ શો? ઘણી વાર તો સાદી સમજ પણ સામામાં નથી કે જરૂરી વિવેક પણ નથી એમ માની કલ્પિત આકૃતિઃ ઊભી કરાય છે. એમ થવું ન જોઇએ. કોઇના ઉપર સાંભળેલી વાત પર ફેસલા આપવાની આપણી રીત જ ખોટી છે. એમાં સામાને અન્યાય છે, તે ઉપરાંત પોતાના માનસ અને વિવેક ઉપર હલ્લો છે, માટે આરોપ કરવા પહેલાં કે માન્યતા બાંધી લેવા પહેલાં પૂરતી તપાસ કરો અને અન્યને અન્યાય કરવાથી બચો. મૌક્તિક

---

It may be quite true that you have done wrong to the man who you think has done wrong to you. (16-8-38) E. N.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ-નીતિના કીમતી વચનો પર હરતાલ ઘસી છે અને સાથોસાથ આપણુ ઉભયને પાપના ઊંડા દરિયામાં ધકેલ્યા છે! એ જાતનો ગૃહીધર્મ સર્વ રીતે નિંદનીય છે. આ કંઇ યુગલિક કાળ નથી!

રાણીના કથનનો ઉત્તર શો આવે છે એ સાંભળીએ તે પૂર્વે આપણી દૃષ્ટિ ભૂતકાળના ઊંડાણમાં-લગભગ અઢી હજારથી પણ અધિક વર્ષો પૂર્વે-ફેંકવાની છે.

પૃથ્વીપુર નગરના રાજા પુષ્પકેતુને પોતાની પ્રેયસી રાણી પુષ્પવતીથી સૌન્દર્યમાં સ્વર્ગના દેવને પણ હંફાવે એવા એક જોડલાનો લાભ થયો. પુત્ર અને પુત્રીરૂપ આ યુગલ દિનપ્રતિદિન બીજના ચંદ્રની માફક વૃદ્ધિ પામવા લાગ્યું. ઉભય વચ્ચે સમય જતાં એટલો નિબિડ સ્નેહ બંધાયો કે ઘડીનો વિરહ પણ વરસ જેવો થઇ પડે! એક દિન રાજવીએ યુવાનીના આંગણે આવી ઊભેલ આ યુગલને ઘડીભર નિરખી લઇ, મનમાં કોઇ વિચાર નિશ્ચિત કર્યો, વરવા યોગ્ય પુત્રી માટે સાથી શોધવાની વાત રાણીએ કેટલીયેવાર રાજવી સન્મુખ કાઢેલી; પણ એ વાત સીફતથી ઉડાડી દેવાયેલી! સારા સારા રાજકુળોમાંથી કુંવર સારુ આવેલા કન્યાઓના માંગા પણ પાછા ઠેલાયેલા! ત્યાં એક દિન ધરતીકંપના આંચકા જેવા સમાચાર રાણીએ સાંભળ્યા:—

' કુંવર પુષ્પચૂલ અને કુંવરી પુષ્પચૂલાનો કાલે લગ્નસંબંધ સંધાશે. આજના એ ભાઇબ્હેન આવતી કાલે પતિ-પત્ની થઇ જશે. એ અંગેની તૈયારી થઇ ચૂકી છે.'

પુષ્પવતી પોકારી ઊઠી-એમ ન કરાય, એમના વચ્ચેની દૃઢ પ્રીતિની મને ખબર છે પણ એનો ઉપાય લગ્ન નથી જ. એ તો માઠું આચરણ, પાપમાં ડૂબવું પડે, નીતિ વિરુદ્ધ ગણાય. મહાજન ખળભળી ઉઠે અને પ્રજા બળવો પોકારે.

વહાલી! એવી ભીતિને રંચમાત્ર સ્થાન નથી. રાજાના કાર્યમાં પ્રજાને માથું મારવાની જરૂર નથી. ખુદ મહાજનના મોવડીઓએ તો-' મારા અંતઃપુરમાં જે રત્ન પેદા થયું હોય એનો માલિક હું ગણાઉં ' એવું બાપોકાર જણાવ્યું છે!

નાથ! તમોએ 'રત્ન'ના નામે મહાજનને ઊંઠા ભણાવી આ નીતિ વિરુદ્ધ કાર્યમાં ખોટી હા મેળવી છે, ભલે ધાર્યું કરી જાવ; પણ કર્મરાજને ત્યાં લાગવગ નહીં ચાલે. સત્તાના જોરે રાજવી પુષ્પકેતુએ ભાઇ બ્હેનને દંપતી ધર્મમાં જોતરી દીધા. એ દિનથી રાણી પુષ્પવતીનું દિલ સંસાર ઉપરથી ઊઠી ગયું છે. પોતાનો ઘણોખરો સમય એ તપકરણીમાં વીતાવવા લાગી, અને થોડા વર્ષમાં મરણ પામી વૈમાનિક દેવોમાં દેવપણે ઉત્પન્ન થઇ.

અવધિજ્ઞાનના ઉપયોગે પૃથ્વીપુરમાં પોતાના સંતાનો જે રીતનો ઘરસંસાર ચલાવી રહ્યા હતા એ જોયું અને એમનો માર્ગ સુધારવાનો નિશ્ચય કરી, પુષ્પચૂલાને સ્વપ્નો મારફત નરક અને સ્વર્ગના દર્શન કરાવ્યા. આટલાથી થોભી ન જતાં, આ નિંદ્ય જીવનમાંથી સત્વર છૂટા થઇ, ભાગ્ય સુધારવા સારુ સંયમપંથ જેવો અન્ય કોઇ ઇલાજ નથી એ જાતની પ્રેરણા પાતી રહી. એ જાતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જળસિંચન સમા કાર્યે પુષ્પચૂલા કેવી દ્રઢ ભૂમિકા પર આવી ગઇ તે મથાળે આલેખેલા પતિપત્ની વચ્ચેના વાર્તાલાપથી આપણે જોયું. હવે પુષ્પચૂલ રાજાનો જવાબ સાંભળીએ.

મને સમજાય છે કે કયાં તો તારો પહેલાનો સ્નેહ હવે તળિયાઝાટક સાફ થઇ ગયો છે અથવા તો તું જાણીબૂઝીને આપણા સ્વર્ગીય સંસારમાં આગ ચાંપવા ઉદ્યુક્ત થઇ છે. એ વિના વડિલના કાર્યમાં છીંડા શોધે ખરી ?

સાચો સ્નેહ સુકાતો પણ નથી, ઓછો પણ નથી જ થતો; ફક્ત દ્રષ્ટિબિન્દુ ફેરવાય છે. હું તમોને પતિ તરીકે જોતી બંધ થઇ છું અને ભાઇ તરીકે પૂરા વાત્સલ્યથી સ્વીકારું છું. 'ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવું' એ જનવાકય મુજબ મારું ભાવિ સુધારવા માંગું છું. સંસારના વિલાસો માણવામાં જેમ દિવસરાત ન જોઇ, તેમ હવે એનો છેદ ઉડાવી, આત્મશ્રેયનું પાથેય પલ્લે બાંધવામાં પૂરી શક્તિ કામે લગાડવાનો મારો નિરધાર છે. અજાણતા ગમે તે થયું હોય, પણ જાણ્યા પછી, ખરું ખોટું અવધાર્યા પછી, ખોટાને પકડી રાખવાની મૂર્ખાઇ મારે નથી કરવી, બિગડી સુધારી લેવાનો મારો નિશ્ચય છે.

પુષ્પચૂલા ! હું જાણું છું કે તારો નિશ્ચય એટલે ધ્રુવનો તારો. ત્હારી પ્રત્યેનો મારો પ્રેમ સાચો હોવાથી એમાંથી હું તને ચલિત કરવા માંગતો નથી. તું ભલે મારી સાથમાં ન રહે, પણ મારી નજરથી દૂર જાય એ ઘડીભર પણ સહી શકે તેવું મારું હૃદય નથી. મારી પ્રાર્થના છે કે એ કોમળ હૃદય પર તું હરગીજ ઘા નહીં કર.

સાધ્વી થવું હોય તો હું આડા હાથ ધરવા નથી માંગતો પણ તારે મારી આંખો સામે જ રહેવાનું. આ પૃથ્વીપુરની વસ્તી છોડી અન્યત્ર વિહાર નહીં કરવાનો. તારા પવિત્ર અંચલાને મારી આ શરત કદાચ બંધબેસતી ન પણ હોય, છતાં મારા તારી પ્રત્યેના ગાઢ પ્રેમને અવિચળ રાખવા સારુ એ હસતા વદને સ્વીકારવાની તું હા, ભણે છે ને ?

ભાઇ, અનગાર ધર્મ એવાં બંધન સ્વીકારતો નથી જ, છતાં તમોને નિરાશાની ખાઇમાં ધકેલી દેવા ન માંગતી હોવાથી એ વાત સ્વીકારું છું. વધુ લાભ તરફ નજર રાખી, આ જાતનો સ્થિરવાસ હું કરીશ અને જોડે એટલી યાચના પણ કરીશ કે આ માનવ ભવ વારંવાર નથી પ્રાપ્ત થતો એ વાત રાજકાજના દળાણમાં ભૂલી ન જશો. પરબાત કે એ વાત યાદ રાખજે.

પછી પુષ્પચૂલાએ અર્ણિકાપુત્ર આચાર્ય પાસે દીક્ષા લીધી.

પુષ્પચૂલા, હેવ એની માતાની પ્રેરણાથી એટલું જાણી ચૂકી હતી કે પોતાના ભાઇ સાથેના લગ્નમાં કેવલ પિતા પુષ્પકેતુનો ઇરાદો પોતાના સંતાનોનો વિયોગ ન થાય એ મુખ્ય હતો છતાં ચોથા આરાના પ્રાંત ભાગે એ સારુ બહેનના લગ્ન ભાઇ જોડે કરવા, એ ધર્મ-નીતિની નજરે દોષિત હતું અને વ્યવહારની મર્યાદાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં ઉઘાડો ભંગ હતો. આવું જીવન પોતે વર્ષો સુધી જીવી એમાં પોતાની નબળાઈ પણ હતી જ.

એટલે ભાગવતી પ્રવ્રજ્યાના બીજા જ દિવસથી તેણીએ પોતાનું લક્ષ્ય બે વાત ઉપર કેન્દ્રિત કર્યું. ચીકણુ કર્મોને ખંખેરવામાં 'તપ' એ રામબાણની ગરજ સારે છે. શાસ્ત્રમાં વ્યાખ્યા કરતાં કહેલું છે કે–એ તપ નિકાચીત કર્મોને પણ પકવી દે છે. જુદા જુદા સમજણપૂર્વકના તપના અવલંબનથી પુષ્પચૂલા સાધ્વીએ ઇંદ્રિયદમનદ્વારા કર્મપુંજને બાળી દીધો અને એ સાથે ગુરુણી પાસેથી **આત્મશ્રેયના** અણમૂલા સાધન સમા જ્ઞાનનું પાન સારા પ્રમાણમાં કરવા માંડયું.

ભગવંતનું વચન '**ज्ञानक्रियाभ्याम् मोक्षः**' એ તો જાણીતું અને ટંકશાળી છે પણ એથી આગળ વધીને અપેક્ષાથી જ્ઞાનને સર્વોત્કૃષ્ટતાનો મુગટ પહેરાવાયો છે. 'લોકાલોકપ્રકાશકર જ્ઞાન એક પ્રધાન' અથવા તો 'દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન' જેવા ઉલ્લેખો એ વાતની સાબિતીરૂપ છે.

વિદ્વાનો '**सा विद्या या विमुक्तये**' અર્થાત્ તે જ સાચી વિદ્યા છે કે જેનાથી આત્મા મુક્ત યાને સ્વતંત્ર બને એમ કહે છે અને આંગ્લ લેખકોનું વચન 'Knowledge is power' અર્થાત્ જ્ઞાન એક મહાશક્તિ છે એ તો સૌ કોઇને વિદિત છે.

જે જ્ઞાનનો મહિમા સૌ ગાય છે એવા સમ્યગ્જ્ઞાનના પ્રભાવે સાધ્વી પુષ્પચૂલાના જીવનમાં કોઈ અનોખી તેજસ્વિતા ભરી દીધી. એમના ચહેરા પર અનોખી પ્રભા પાંગરવા માંડી.

દેશમાં અચાનક દુષ્કાળના વાયરા વાયા. એ પ્રદેશમાં વર્ષા નિષ્ફળ જવાથી અન્નના અભાવે આમ જનસમૂહ ક્ષુધાના દુઃખે મરવા લાગ્યો!

આચાર્યશ્રીએ પોતાના સાધુગણને અન્યત્ર વિચરી જવાનું ફરમાન બહાર પાડયું. સંતને ગોચરી મળવાના વાંધા નહોતા પણ એ રીતે શ્રાદ્ધગણને બોજારૂપ થવામાં એ માનતા ન હતા. વિશેષમાં દુઃખી જીવોને રાહત અપાવાનો એ દ્વારા શુભ હેતુ પણ હતો જ.

પોતે એટલી હદે જઇફ હતા કે વિહાર કરી શકે તેમ હતું જ નહીં. પોતાની સેવામાં થોડા શિષ્યોને રાખવા એવો પ્રસ્તાવ મુખ્ય શિષ્યે મૂક્યો ત્યારે ઘડીભર એ વિચારમાં પડી ગયા.

ત્યાં તો સાધ્વીગણમાંથી પુષ્પચૂલાનો નમ્ર સાદ સંભળાયો. ગુરુદેવ! ગોચરી પાણીની સગવડનો પ્રશ્ન હોય તો એ કાર્ય હું બજાવી દઈશ, એ માટે જરાપણ ચિંતા કરશો નહીં. રાજવી સાથે પ્રતિજ્ઞાથી બંધાયેલી હું આ પ્રદેશ છોડી શકું તેમ નથી. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સકામ અને નિષ્કામ ભક્તિ

લેખકઃ—શ્રી બાલચંદ હીરાચંદ, માલેગામ.

કુંડલ ગામ કાંઈ મોટું ગામ ન હતું. ત્યાં શ્રાવકોની વસ્તી ૨૫ ઘરથી વધુ ન હતી. તેમાં પણ મંદિરમાર્ગી અને સ્થાનકવાસી એવા બે ભાગ હતા. થોડાક મારવાડી ભાઈઓ સ્થાનકવાસી હતા. તેમાંનાં એક બે ઘરો મંદિરના પૂરેપૂરા વિરોધીઓ હતા. શામળદાસ મંદિરમાં આવે, દર્શન કરે પણ શ્રદ્ધા સ્થાનકવાસીની બતાવતા. તેમનો નિયમ એવો હતો કે સવારમાં ઊઠી એક આંટો જૈનમંદિરમાં મારી આવે ને પછી વિઠ્ઠલમંદિરમાં હાથ જોડી આવે. રામમંદિર તેમના ઘર પાસે જ હોવાથી ત્યાં ગયા વિના કેમ ચાલે ? હનુમાનજીના મંદિરો તો ગામમાં ત્રણ ચાર હતા ત્યાં હાથ જોડતાં શું આપી દેવાનું હોય ? શનિદેવતા ખૂબ ચમત્કારી અને કડક છે એવું શામળદાસ જાણતા હોવાથી ત્યાં તેઓ નાક ઘસી આવતા એટલું જ નહીં પણ ત્યાં એકાદ પૈસો પણ મૂકી આવતા. જૈનમુનિ ગામમાં આવે ત્યારે વખાણમાં થોડો વખત બેસી આવતા અને ઢુંઢક સાધુ આવે ત્યારે મુખ પર મુહપત્તિ બાંધી તેમનું પણ જરા સાંભળી આવતા. ગામમાં મુસલમાનોના તાબુતા નિકળતા ત્યારે તેઓ ફકીરને ખીચડો આપી પોતા માટે દુવા મેળવી લેતા. આમ સર્વતોભદ્ર એવી એમની વૃત્તિ હતી. બધાઓ આપણા ઉપર કૃપા રાખે. આપણું ધન, ધાન્ય અને માલ-મિલ્કત સલામત રહે એ માટે એમની એ ખટપટ હતી. કોઈ વખત મુનિ મહારાજાઓના મોઢે સાંભળેલું કે, તીર્થંકરો કોઈને કાંઈ આપતા નથી. તેઓ સ્તુતિથી પ્રસન્ન થતા નથી તેમ આશાતનાથી ક્રોધ કરતા નથી. જેનું જેવું કર્મ તેવું તેને ફળ નિસર્ગ સિદ્ધાંત મુજબ મળી જ જાય છે. એ સાંભળવાથી જૈનમંદિર ઉપરથી તેમનો ભાવ જરા મોળો પડી ગયો હતો. જે કાંઈ આપે નહીં તેને દેવ શી રીતે મનાય ? એવો એમનો સીધો અને સાદો વિચાર હતો. તેમને મન તો દેવને આપણે કાંઈ આપીએ તેના બદલામાં દેવે આપણને ભરપૂર બદલો આપવો જ જોઈએ. દેવ આગળ જો આપણે એકાદ દીવો કરીએ તો આપણને દેવે હજારોની મિલ્કત ભેટ કરવી જોઈએ. અને આપણી મિલ્કત સાચવવા માટે પહેરો ભરવો જોઈએ. કોઈ દેવ એવું કામ કરતા ન હોય તે શેઠને મન દેવ જ નહીં. શનિદેવની ભક્તિ તો તેઓ ડરીને કરતા હતા. તે દેવ હમેશ બગાડનારો છે એવું એમણે માની લીધેલું, તેથી તેઓ શનિને ડરતા ડરતા નમન કરે. આ બધી હકીકતનો હેતુ એટલો જ કે, શામળદાસને બધા દેવોની મદદ કેવળ પોતાના સ્વાર્થ માટે જોઈતી હતી. દેવોના ભક્તિનો હેતુ કેવળ સ્વાર્થમય હતો. તેમને મન તો ઐહિક વસ્તુઓ મુખ્ય હતી. તેને વધારવા માટે અને તેને બચાવવા માટે જ દેવની ભક્તિ કરવાની હતી. ભક્તિ કરવામાં પણ તેમના રૂંવાડે રૂંવાડે સ્વાર્થનું ઝેર તરી આવતું હતું. ટૂંકામાં કહીએ તો તેમની ભક્તિ સ્વાર્થરૂપી વિષથી ભરેલી હતી. તેમની એવી એ વિકૃત ભક્તિને ભક્તિનું અભિધાન આપવું એ પણ એક વિચિત્રતા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવની એ સ્વાર્થવૃત્તિનું જોર કેવું કામ કરે છે એનો આ એક નમૂનો છે. વાસ્તવિક વિચાર કરીએ તો સ્વાર્થનો જ્યાં સંકોચ થાય છે ત્યાં જ ધર્મનો વિકાસ શરૂ થાય છે. સ્વાર્થને અને ધર્મને કોઇ રીતે મેળ હોય જ નહીં. સ્વર્ગ, દેવલોક, પરભવમાં રાજ્ય, મિલ્કત એવા વિલોભનો, સુંદર બાગબગીચાઓ, વિલાસની અને ભોગ્ય વસ્તુઓની સમૃદ્ધિનું વિલોભન આગળ ધરવામાં આવે અને ત્યાગ માટે, સ્વાર્થ નિરપેક્ષ થવા માટે, લોકોને તૈયાર કરવા માટે અનેક યુક્તિઓ રચવામાં આવે પણ એ તેનો હેતુ ન હોય. અમુક જાતની સમૃદ્ધિ એ તો ભક્તિનું અલ્પ ફળ છે. એ કાંઇ મુખ્ય હેતુ કે ફળ ન હોય.

આપણે સમ્યક્ત્વની વાતો કરીએ પણ સમ્યક્ત્વનું ખરૂં સ્વરૂપ કેવું હોય ? સમ્યક્ત્વ માટે કેટલું બળ, કેટલી વીરતા, કેટલી અડગતા જોઇએ એનો આપણે વિચાર સરખો પણ કરતા નથી. સમકિત પાળવું, માનવું અને અનન્યતાપૂર્વક આત્મભાવ સાથે જોડવું એ કાંઇ બચ્ચાંઓના ખેલ ન કહેવાય. લડાઇમાં જ્યારે સુભટ પોતાના જીવિત કરતાં પણ પોતાની ધ્યેયસિદ્ધિને જ મહત્વ આપે છે ત્યારે જ તે પોતાનું શૌર્ય પૂર્ણ રીતે દાખવી શકે છે અને અંતે જય મેળવી શકે છે. એટલે ત્યાં કાયર કે બીકણનું કામ ન હોય. સમ્યક્ત્વ માટે પણ એ જ કસોટી હોઇ શકે, કાચાપોચાનું એમાં કામ નથી.

સંકટ આવી પડે, આપત્તિનો પ્રસંગ હોય, છૂટવાનો કોઇ માર્ગ જડતો ન હોય, ભયંકર શત્રુ સાથે સામે પડવાનો પ્રસંગ હોય ત્યારે નિડરતા, આત્મવિશ્વાસ અને ધર્મશ્રદ્ધા કાયમ રહે એ પ્રસંગનો જરા વિચાર કરીએ ત્યારે તરત જ જણાઇ આવશે કે, આવા પ્રસંગે આપણે ડગી જઇએ કે કેમ ? અને આવા પ્રસંગે જ ખરી કસોટી થઇ જવાની. આપણે જરા પોતાના આત્મા સાથે સ્થિરતાપૂર્વક વિચાર કરી જોઇએ કે, એ કસોટીમાં આપણે કેટલો યશ મેળવીએ. ત્યારે અનુભવ થશે કે સમ્યક્ત્વના માર્ગમાં આપણે તદ્દન બાલક અવસ્થામાં પણ હજુ નથી. મોઢેથી ધર્મ ધર્મની વાતો પોકારીએ; સમકિતધારી સુશ્રાવકનું બિરુદ ધરાવવાનો મોહ રાખીએ ત્યારે એ કેટલું હાસ્યાસ્પદ લાગે ?

નિતાંત સ્વાર્થનિરપેક્ષ ભક્તિ હોય, પોતે અને હું સંપૂર્ણ ભૂલાઇ જાય, મહાન અંતિમ ધ્યેય જે પ્રભુમેળાપ એટલી જ એક વસ્તુ મેળવવાની તાલાવેલી હોય. બધા માર્ગો જેને અદ્રશ્ય થઇ જાય, પોતાના ઇષ્ટદેવ સિવાય બાકી અંધારું જ જોવાય એવી સ્થિતિ ખરા ભક્તની અને સમકિતધારીની થાય ત્યારે જ તે ભક્તિ, એ બિરુદ ધારણ કરી શકે. બાણનો ઉદ્દેશબિંદુ અને બાણની અણી એકરૂપ જુએ એ જ વેધ સાધી શકે. એમાં જરા પણ ચલિત થાય તો સાધ્યબિંદુ ખસી જાય અને બાણ વ્યર્થ જાય. એવી જ રીતે ભક્તિની અમૃત ક્રિયાનો અનુભવ કરવો હોય તો એવી પ્રખર અને એકતાનતાપૂર્વક સ્વાર્થનિરપેક્ષ ભક્તિ સાધવાનો પ્રયત્ન થવો જોઇએ. દેખાદેખી ક્રિયા થતી હોય, મન ક્યાંયે ભટકતું હોય અને મોઢે સ્તવન લલકારતો હોય, જરા વાતમાં પણ ઇંદ્રિયો અને વિકારોને આધીન થઇ જવાતું હોય. મોઢે એક અને મનમાં બીજું, એવું ગાડું ચાલતું હોય ત્યાં ખરી ભક્તિની અપેક્ષા કરવી વધારે પડતી નથી શું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વોક્ત આગળદાસ શેઠના દાખલામાં તેમની સ્વાર્થલંપટ વિષમિશ્રિત ભક્તિ કરવાની રીતનો જરા વિચાર કરી જોઇએ તો આપણે તેમના લગભગ નજીકમાં જ બેસી શકીએ એવો આત્મપ્રત્યય થયા વિના રહેશે નહી. તેમાંથી છૂટી જરા સ્વતંત્ર વાતાવરણમાં આવી ખરી ભક્તિનો અનુભવ મેળવવાનો આપણે પ્રયત્ન કરવાની જરૂર નથી શું ? માનવ જન્મ અને ઉજ્વલ શ્રાવક કુલ એટલી સુંદર સામગ્રી મેળવીને પણ એ અમૃત ક્રિયાની જરા ઝાંખી પણ ન મેળવીએ તો આટલું મેળવેલું શું કામનું ? પૂર્વકૃત પુણ્યથી આ બધી સામગ્રી મેળવી એ શું તદ્દન ફેંકી દેવા માટે ? તેનો ઉપયોગ યથાવિધિ અને અનન્ય ધ્યેયનો હેતુ સિદ્ધ કરવા માટે જો એ સામગ્રીનો ઉપયોગ ન થાય તો પછી આ બધું નકામું જ જવાનું ને ?

નિષ્કામ ભક્તિ એ એક અપૂર્વ અમૃત યોગ છે. પ્રભુના અનંત ગુણો તરફ આકર્ષાઇ જે આત્મસમર્પણ કરવું એ જ ખરી ભક્તિ હોય. પ્રભુના ગુણો સાંભળવા, તે ગુણોનું જ રટણ કરવું, તેનું જ ધ્યાન કરવું, દરેક ક્રિયામાં, હાલચાલમાં અને વિચારમાં પ્રભુગુણની જ કલ્પના થઇ જવી જોઇએ. અને એમ કરતાં ઐહિક કે પૌદ્ગલિક વસ્તુ મેળવવાનો હેતુ ન હોવો જોઇએ તો જ તે નિષ્કામ ભક્તિનું નામ ધારણ કરી શકે; નહી તો પછી દેખાવમાં અને સ્વાર્થમાં લંપટ થઇ ગમે તેટલો સમારોહ અને ધાંધાટ કરી મૂકીએ એ વ્યર્થ જ નહીં તો બીજું શું ?

કેટલાએક ધનવાનોને મન ધર્મ પણ એક બજારમાં ખરીદી શકાય એવી વસ્તુ છે. કોઇ ગ્રહની પીડા ટાળવા માટે બ્રાહ્મણોને રોકડ અમુક રકમ આપી હજારો જપ કરાવીએ એ બીના ખરેખર વિચાર કરવા જેવી છે. જપ કરાવનાર પોતાની પીડા ટાળવા માટે જપ ખરીદી શકે છે એ માન્યતા બરાબર સમજી મોટા ઉત્સવો, સમારંભો અને સમારોહ ફક્ત પૈસાના જોરે કરાવી ધર્મ ખરીદનાર શ્રીમાન બંધુઓએ જરા આત્મનિરીક્ષણ કરવા પ્રયત્ન કરવો જોઇએ. ધર્મ કે ભક્તિ આત્મા સાથે જ્યાં સુધી જોડાઇ ન હોય ત્યાં સુધી બધી ક્રિયા શુષ્ક જ નિવડવાની. ઘડીભર જય જય, મોટાઇ અને માન વધે એ કાંઇ અમૃત ક્રિયા ન કહેવાય. એ માટે તો અંતઃસાક્ષીથી ખરી ભક્તિ જ આદરવાની જરૂર રહે છે. અમારા બંધુ ભગિનીઓને એવી રૂડી આત્મસાક્ષીની ભક્તિ સુલભ થાય અને એમનું જીવન પ્રમુદિત થાય એવી શુભ ભાવનાથી વિરમું છું.

***

મૃત્યુ કોઇપણ રીતે આવે તો ય કલ્યાણકારી છે, પણ સ્વધર્મ અર્થાત્ સત્યને કારણે જે મરે છે તે વીર પુરુષનું તો તે બેવડું કલ્યાણ કરે છે. મૃત્યુ કોઇ રાક્ષસ નથી પણ પરમ મિત્ર છે. એ આપણને પીડાથી મુક્ત કરે છે, આપણામાં રહેલી આસુરી સંપત્તિની સામે આપણને સહાય કરે છે.

—પૂ. ગાંધીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક:—શ્રીયુત જીવરાજભાઈ ઓધવજી દોશી

ગયા વસંતપંચમીના રોજ જામનગર મુકામે સરદાર શ્રી વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે સંયુક્ત કાઠિયાવાડના રાજ્યની સ્થાપના થયેલ છે. હવેથી આખો કાઠિયાવાડ એક પ્રાંત બનશે. નાના મોટા રાજ્યોની સરહદો ભૂંસાઈ જશે. એક જ કાયદો, એક જ રેલ્વેની વ્યવસ્થા, એક જ ધોરણે જકાત, એક જ પ્રકારનું રાજ્યતંત્ર, એક જ પ્રકારની પોલિસ વ્યવસ્થા, આખા પ્રાંતનું એક જ અધિકાર નીચે જમીન અને દરિયાઈ લશ્કર બનશે. જે ન કલ્પી શકાય, જે ન માની શકાય એવો રાજ્યતંત્રનો આ ફેરફાર છે. હવેથી આખો કાઠિયાવાડ સૌરાષ્ટ્ર કહેવાશે. સૌરાષ્ટ્ર શબ્દની સાથે અનેક પૌરાણિક અને ઐતિહાસિક સંસ્મરણો તાજાં થાય છે. આ સૌરાષ્ટ્રમાં શ્રી કૃષ્ણ ભગવાન, શ્રી નેમિનાથ ભગવાનનો ઇતિહાસ રચાયો હતો. દ્વારકા નગરીમાંથી શ્રી નેમિનાથ ભગવાન પોતાના લગ્ન સમારંભ માટે પૂરેલા અવાચક પશુઓની રાડ સાંભળી લગ્નસમારંભમાંથી પાછા ફરી દીક્ષા લેવા શ્રી ગિરનાર ઉપર ગયા હતા. રાજુલની કથા પણ આ જ સ્થળે બની હતી. ગિરનાર ભૂમિ શ્રી નેમિનાથ ભગવાનની નિર્વાણભૂમિ છે અને અનેક યોગીઓનું ધામ છે. પ્રાચીન ઇતિહાસમાં સૌરાષ્ટ્રનું નામ પ્રસિદ્ધ છે. ચક્રવર્તી અશોકે સૌરાષ્ટ્રમાં પોતાની આણ સ્થાપી હતી અને તેના પ્રતીક તરીકે શ્રી અશોકની ધર્મઆજ્ઞાનો શિલાલેખ હજુ મોજુદ છે. ગુપ્ત રાજાઓએ પણ સૌરાષ્ટ્રમાં રાજ્ય સ્થાપ્યું હતું. શ્રી વલ્લભીપુરનો ઇતિહાસ તો જાણીતો છે. વલ્લભીપુરનું મહાન્ રાજ્ય આખા સૌરાષ્ટ્રમાં પ્રવર્તતું હતું અને વલ્લભીપુરમાં જ જૈન આગમોની શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના પ્રમુખપણે સમસ્ત હિંદના શ્વેતાંબર આચાર્યોએ સૂત્રવાચના કરી હતી અને આગમોને પુસ્તકારૂઢ કર્યા હતા. સૌરાષ્ટ્રમાં આપણા મોટામાં મોટાં તીર્થો શ્રી શત્રુંજય અને ગિરનાર આવેલા છે. સિવાય તાલધ્વજગિરિ જેવા નાના પ્રાચીન તીર્થો આવેલા છે. અને કાઠિયાવાડના મોટા શહેરો-ભાવનગર, જામનગર, ઉના, દેલવાડા, મહુવા, વઢવાણ, જૂનાગઢ, કદંબગિરિ આદિ સ્થળોમાં સુંદર મંદિરો બંધાયા છે એટલે સૌરાષ્ટ્ર જૈનોની તીર્થભૂમિ છે. એક સંયુક્ત રાજ્ય થતાં યાત્રિકોને રેલ્વેની, જગાતની, નાના મોટા કરવેરાની જે મુશ્કેલીઓ પડતી તે હવેથી દૂર થશે અને યાત્રિકો સુખ અને આનંદથી યાત્રાનો લાભ લઇ શકશે. પાલીતાણા જેવા ગામમાં ધર્મશાળાના માલીકો અને મુનીમો જે ધર્મશાળામાં રહેવાની જગ્યા આપવામાં પણ અનિચ્છનીય વર્તાવ કરે છે તે મુનીમો દેશકાળ સમજી નહિ સુધરે તો પ્રજામાન્ય સરકારની સત્તાથી તેમને ઠેકાણે આવવું પડશે.

કાઠિયાવાડના આપણા ઘણા ભાઈઓ વેપાર માટે દૂર દેશાવર ખેડે છે. હિંદુસ્તાન કે હિંદ બહાર વેપારનું એવું મોટું કોઈ શહેર નહિ હોય જ્યાં કાઠિયાવાડી વેપારી ન હોય. એવા સાહસિક વેપારીઓને સૌરાષ્ટ્ર પણ એક મોટું વ્યાપારનું ક્ષેત્ર બનશે. આપણા વેપારીઓ સમૃદ્ધિ સંસ્કાર અને ધર્મભાવનામાં સૌરાષ્ટ્રના સંપર્કમાં રહી પૂર્તિ કરશે.

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જગજીવન શિવલાલ પરીખ
નાણાપ્રધાન



શ્રી રસિકલાલ ઉમેદચંદ પરીખ
ગૃહપ્રધાન



શ્રી મનુભાઈ મનસુખલાલ શાહ
ઉદ્યોગપ્રધાન

[ ત્રણે બ્લોકો "જૈન" પત્રના સૌજન્યથી ]

For Private And Personal Use Only

સૌરાષ્ટ્રને મોટા બંદરો છે, મોટી નદીઓ છે, મોટા ખનિજના અણુખેડેલા ભંડારો છે, તેમાં વિકાસ થશે, હુન્નર ઉદ્યોગ વધશે, વેપારીઓને વેપારના સાધનો વધશે, કેળવાયેલ માણસને રાજ્યની સારી નોકરી મળવાનો અવકાશ મળશે, ખેડૂતોને નવા નવા ખેડના સાધનો અને સૂચનાઓ મળશે. એકંદરે સૌરાષ્ટ્ર સુખી અને સમૃદ્ધ બનશે. દરેક સૌરાષ્ટ્રવાસીની પવિત્ર ફરજ છે કે રાજ્યને પોષવામાં અને વિકસાવવામાં તન મન અને ધનથી પૂરતો ફાળો આપવો અને પ્રાચીન કાળની સૌરાષ્ટ્રની જાહોજલાલી પુનરસ્થાપિત કરવી.

બીજી ખુશીની વાત તો એ છે કે સૌરાષ્ટ્ર રાજ્યના જે પ્રધાનો ચુંટાયા છે તેમાં ત્રણ તો આપણા પરિચિત આપણા જૈન બંધુઓ છે.

શ્રી જગજીવનદાસ શિવલાલ પરીખ આપણી સભાની મેનેજીંગ કમીટીના મેમ્બર છે, સભાના કામમાં સારો ઉત્સાહ લે છે. તેઓ B. Sc. LL. B. છે. ભાવનગરમાં એક પ્રખ્યાત પહેલા નંબરના વકીલ છે. તેમણે અસહકારના વખતમાં ધંધાનો મોટો ભોગ આપી જેલ પણ ભોગવેલ છે. અત્યારે પણ મોટી કમાણી છોડી સૌરાષ્ટ્રની સેવાનું કામ માથે લીધું છે. તેમને અમારા અભિનંદન અને આશીર્વાદ છે.

બીજા શ્રી રસિકલાલ ઉમેદચંદ પરીખ મુંબાઇ અને લંડન યુનિવર્સીટીના બી. કોમ છે. એક ખાનદાન ઝાલાવાડના અગ્રગણ્ય કુટુંબના નબીરા છે. તેમણે ઇંગ્લાંડમાં રહી બેરિસ્ટરના પણ બધા ટર્મ ભર્યા છે, પણ અસહકારની લડત જાગતા પોતાનો સર્વ સ્વાર્થ છોડી દઇ લડતમાં જોડાયા હતા. રાજકોટમાં જેલ પણ ભોગવેલ છે. શ્રી દુલભજી ઉમેદચંદની જાણીતી પેઢીના તેઓ ભાગીદાર છે.

ત્રીજા મનુભાઇ શાહ બી. એસસી. ટેક. છે. તેઓ વઢવાણના રહીશ છે. આપણી દાદાસાહેબ બોર્ડીંગમાં તેમણે એકાદ બે વર્ષ અભ્યાસ કરેલ છે. દીલ્હીમાં લાલા શ્રીરામ મિલમાં તેઓ મોટા પગારથી મેનેજર હતા. અસહકારના વખતમાં તેમણે તે લડતને સારી મદદ કરેલ છે. આવા સાહસિક હુન્નરઉદ્યોગમાં નિષ્ણાત એક યુવાનને પ્રધાનમંડળમાં પસંદ કરવામાં આવ્યા છે તે અભિનંદન યોગ્ય છે.

મુખ્ય પ્રધાન શ્રીયુત ઢેબરભાઇ, નાયબ વડા પ્રધાન શ્રી બળવંતરાયભાઇ તથા ત્રીજા પ્રધાન શ્રી નાનાભાઇ ભટ્ટ આપણા પરિચિત ગૃહસ્થો છે. તેઓએ આજીવન દેશની આઝાદી માટે સર્વસ્વનો ભોગ આપેલ છે. આ પ્રધાન મંડળની અમો હાર્દિક સફળતા ઇચ્છીએ છીએ.

# ખેદકારક સ્વર્ગવાસ.

રાણપુરનિવાસી શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ માહ શુદિ ૧૧ ના રોજ ૮૪ વર્ષની વયે સ્વર્ગવાસી થયા છે. શરૂઆતમાં તેઓ સીંગાપોર જેવા સ્થળે ગયા અને પોતાનો ધંધો ખીલતો કર્યો. ત્યારબાદ કલકત્તા અને મુંબઈખાતે પણ તેમણે પોતાની પેઢીઓ શરૂ કરી વ્યાપારી ક્ષેત્રમાં એક કુશળ વ્યાપારી તરીકે સારી નામના મેળવી.



શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ.

સભા માટે મકાન ફંડ શરૂ કરી શ્રી કુંવરજીભાઈ વિગેરે ગૃહસ્થો રાણપુર શ્રી નાગરદાસભાઈ પાસે અમુક રકમ મળવાની આશાથી ગયા પરન્તુ શેઠશ્રીએ ઉદારતાથી રૂા ૨૫૦૦૦) ની રકમ આપી સભાને મકાન કરાવી આપવાની ભાવના વ્યક્ત કરી. સં ૧૯૮૧ ના માહ શુદિ ૧૦ ના રોજ સ્વ. સર પ્રભાશંકર પટ્ટણીના શુભહસ્તે નવા મકાનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને શેઠશ્રીને તેમની ઉદારતાના માટે રૂપાના કાસ્કેટમાં માનપત્ર આપવામાં આવ્યું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, લીંબડી જૈન બોર્ડીંગ, બનારસ પાઠશાળા, રાજકોટ બોર્ડીંગ વિગેરે સંસ્થાઓને તેમણે ઉદાર હાથે મદદ કરેલી. આ ઉપરાંત જિનમંદિર, ઉપાશ્રય, જ્ઞાનશાળા વિ૦ ધાર્મિક ખાતાઓમાં સારી સહાય કરેલ. તેઓ ચુસ્ત ક્રિયાપ્રેમી અને ધાર્મિક ભાવનાવાળા હતા. જિનપૂજા સામાયિક અને સદ્વાંચન એ તેમનો નિત્યક્રમ હતો. સભાને મકાન બંધાવી આપ્યું તે પૂર્વેના તેઓ સભાના આજીવન સભ્ય હતા અને પાછળથી પેટ્રન થયેલ. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની અને રાણપુરને એક સજ્જન શહેરીની ખામી પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના પુત્ર મગનદાસભાઈ વિગેરે કુટુંબવર્ગને દિલાસો આપીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

# અપીલ.

ગયા અંકમાં જણાવી ગયા બાદ "શ્રી જૈનધર્મ પ્રકાશ સહાયક ફંડ" માં નીચે પ્રમાણે મદદ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ. અને જેઓએ હજી પોતાનો ફાળો ન મોકલ્યો હોય તેઓને સત્વેળા મોકલી આપવા વિજ્ઞપ્તિ કરીએ છીએ.

| | | |
|---|---|---|
| ૨૩૩॥ | અગાઉના | |
| ૧૧॥ | શાહ વનમાળીદાસ નારણદાસ | મુંબઈ |
| ૫) | શાહ મૂળચંદ જમનાદાસ | અમદાવાદ |
| ૫) | શાહ દેવચંદ હરખચંદ | ઉપલેટા |
| ૧॥ | શાહ જેઠાલાલ લાલજી | સેંધવા |
| ૧॥ | મેતા કેશવલાલ મગનલાલ | કડી |
| ૧॥ | શાહ મગનલાલ નરશીદાસ | અમદાવાદ |
| ૧॥ | શાહ નાથાલાલ કાળીદાસ | દ્હેવદ |
| ૨૬૧)ᐩ | | |

## "શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના ગ્રાહક બંધુઓને સૂચના

સં. ૨૦૦૩ ના કાર્તિકથી સં. ૨૦૦૪ ના આસો સુધીનું "શ્રી જૈન ધર્મ પ્રકાશ"નું એ વર્ષનું લવાજમ રૂા. ૩-૮-૦ વસુલ કરવા માટે વી. પી. કરવાના છે. ઘણા બંધુઓ પોતાનું લવાજમ મનીઓર્ડરદ્વારા મોકલાવે છે, તો જે બંધુઓએ પોતાનું લવાજમ હજી ન મોકલેલ હોય તેમને મોકલી આપવા વિજ્ઞપ્તિ છે. ફાગણ શુદિ ૧૫ પછી લવાજમ વસુલ કરવા માટે વી. પી. કરવામાં આવશે, જે આવ્યેથી સ્વીકારી લેવા વિનંતિ છે.

## ખેદકારક અવસાન

ભાવનગરનિવાસી ભાઇ મોહનલાલ કુબેરદાસ ઘોઘારી ૭૧ વર્ષની વયે પોષ શુદિ ૮ ને સોમવારના રોજ સ્વર્ગવાસી થયા છે. સદ્‌ગતે બી. બી. સી. આઇ. રેલ્વેમાં સ્ટેશન માસ્તર તરીકે ચાલીશ વર્ષ નોકરી કરી હતી અને છેલ્લા દશ વર્ષથી નિવૃત્ત જીવન ગાળતા હતા. સ્વભાવે મિલનસાર તેમજ ક્રિયાપ્રેમી હતા. આપણી સભાના ઘણા વર્ષોથી મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી એક લાયક સભાસદની ખામી પડી છે. અમો સદ્‌ગતના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તવર્ગને દિલાસો આપીએ છીએ.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only